અઝીઝની બફાદારી.

લેખક:—

સુલેમાન હુસેનમીયાં જફા સાહેબ.

જેમની પાસેથી સર્વ હક ખરીદી લઇ

પ્રગટ કર્તા

કાગઝી મહમુદમીયાં એન્ડ ચેમ બુકસેલર્સ
એન્ડ પબ્લીશર્સ.
ઠે૦ ટાવર રોડ અભાયાની વાડી સામે-સુરત.

છાપનાર:—ગોવિંદજી ડાહ્યાભાઈ નાયક.
શ્રી "અનાવિલ બંધુ" પ્રિન્ટીંગ પ્રેસ. બરાનપુરી ભાગળ;
ભાજીવાળી પોળ-સુરત.

ઇ. સ. ૧૯૩૦ } કીંમત આઠ આના. { પ્રથમાવૃત્તિ
સં. સ. ૧૯૮૬ } { પ્રત ૨૦૦૦

૧૫૫૪૭

છપાય છે. **છપાય છે.**

આજ લેખકની બીજી એક રસપૂર્ણ ડીટેકટીવવાર્તા

તુર્કી જાસુસ

જેમાં એશિયા માઇનરના એક અઠંગ ઉઠાવગીર ખુની અને લુટારૂ બદમાશની એક બાહોશ ડીટેકટીવના સાહસ કર્મોથી કેવી રીતે ધરપકડ થાય છે. જે દર્શાવવામાં લેખકે ઘણુાજ ભેદ ભરમોના પ્રયત્ન કર્યા છે. અને સાથે સાથે મૂખ્ય સાર પ્રેમરસ પર રચ્યો છે. જેથી વાંચકોને જાસુસી વાર્તા સાથે પ્રેમચેષ્ટાઓનો પણ કેટલોક સ્વાદ મળશે એવી આશા છે.

વધારે વખાણ કરી વાર્તાનો રસ ચુસી લેવા કરતાં એટલુંજ કહેવું બસ થશે કે જો તમને રસિકજ વાર્તા વાંચવી છે, તો મજકુર ચોપડી અમારે પતેથી જરૂર મંગાવો.

કાગઝી મહમુદ. એન્ડ. એમ.

બુકસેલર્સ એન્ડ પબ્લિશર્સ

ઠે. ટાવર રોડ અલાયાની વાડી સામે—સુરત.

અઝીઝની વફાદારી.

આહ ખરેખર કોઈએ કહ્યું છે કે:—

રામ રાખે તેને કોણ ચાખે ?

પ્રથમ ભાગમાં બતાવ્યા પ્રમાણે જ્યારે ત વફાદાર સેવક અઝીઝ એક ક્રુર વાઘ નીચે પડી પોતાના માલિકથી દૂર આવી રીતે પોતાના પ્રાણ અર્પી રહ્યો હતો ત્યારે તે સુનસાન એકાંત જંગલમાં અણધારે વખતે તેની મદદે કોઇ એક અજાણ્યોજ પુરૂષ હાથમાં છરી લઈ કુદી પડયો.

પણ.......પણ અફસોસ કે તે પરોપકારી નરની છરી કોઇ પણ જાતનો ઘા કરે તે પૂર્વેજ વાઘે વિકરાળ થઇ એકદમ પલટી મારી અને તેનાપર કુદી ગયો.

જ્યારે અઝીઝે આ હાલત જોઈ તો ઝડપથી તે અજાણ્યાની છરી જે તેના હાથમાંથી છુટી ગઈ હતી. લઇ એટલી જોરથી તે દુષ્ટ પ્રાણીપર કુદી પડયો કે એકજ ઝટકામાં તેનું પેટ ચિરાઈ ગયું અને એક દર્દનાક ગર્જના સાથે તે ભોંયપર ટુટી પડયો. અઝીઝ તરતજ પોતાને બચાવનાર પરોપકારી પુરૂષ તરફ દોડયો પણ અફસોસ કે

તેના ગળામાં વાઘના નખો એવી ક્રુર રીતે ઘુસી ગયાં હતાં કે જીવવાની આશા નજ જેવી રહી ગઈ.

આ દેખાવે પણ એક અજબ જાતનો રંગ પકડયો હતો. મરનાર દયામણી આંખે તેની તરફ, અને તે આભારીક દ્રષ્ટીએ મરનાર તરફ જોઇ રહ્યો હતો બંનેની આંખમાં દુઃખ અશ્રુઓ ભરાઇ આવ્યા હતા. છેવટે અઝીઝે ગદગદતા કંઠે કહ્યું "ભાઇ તમે કોણ છો ? અને આવા ભયાનક જંગલમાં કેવી રીતે આવ્યા હતા ?"

શ્વાસની છેલ્લી ઘડીઓ ચાલી રહી હતી. અઝીઝના સવાલનો જવાબ આપવાની શક્તિ ઘાયલમાં ન હતી. જીવ ગળા સુધી આવી પહોંચ્યો હતો. તો પણ કડકે કડકે એટલું બોલી શકયો કે "હું–તમને–ઓળખું છું. અચ્યાશને.... સલામ..........કહેજો.......મા–રૂ....ના....મ........સાલેહ.... છે....અ....આહ."

ફકત એકજ 'આહ' શબ્દના ઉદગાર સાથે સાલેહનો દુઃખી આત્મા તે ફાની ખોળીયું છોડી આકાશ તરફ હંમેશ માટે ઉડી ગયું. અને અઝીઝ તડપતોજ રહી ગયો ફકત એકજ કમકમાટ ભરી ચીસ તેના મોંમાથી નીકળી કેઃ— "આહ કોણ સાલેહ" ! ! !

પ્રકરણ ૧૫ મું.

“લૂણની કીંમત.”

અઝીઝ પોતે પણ લોહીલોહાણ હતો વાઘે તેને પણ જખમી કરી દીધો હતો. એક તરફ પોતા પર ઉપકાર કરનારને દાટવાનો અને બીજી તરફ લુણની કીંમત ચૂકાવવાનો વિચાર હતો. તે સિવાય જમીન ખોદવા માટે કોઇ જાતનો ઓજાર પણ ન હતો. ફરી વાદળો ઘેરાયા વીજળી ચમકવા લાગી અને ચારે તરફ અસાધારણ અંધારૂં પ્રસરી રહ્યું. લાચાર થઇ સાલેહના મોં પર ફક્ત કપડુંજ ઓઢાવી ઉદાસ ચહેરે ખાડી તરફ રવાના થયો.

દીલમાં જખમો, શરીરપર ઘાઓ, ખાડી પાસે આવી પહોંચતાજ હીમ અને પવનનું તોફાન શરૂ થઇ ગયું. કીનારાપર પાણી બહોળું હોવાને લીધે જરા આગળ વધ્યો પાણીનું ખેંચાણ જોરનું હતું હીમ ચાલુ, ને પ્રવાહ તેજ, જેવો ઘડો ભરી માથે મુકવા જાય છે, કે જમીન પગ તળેથી સરી ગઇ. અને તે ગરીબ વફાદારીનો ભૂખ્યો નોકર પાણીમાં ખેંચાવા લાગ્યો.

આશા છોડી બેઠા પણ માલીક કેમ કબુલ કરે. અણી વખતે માટીનો ઘડો કામ આવ્યો સમય સૂચકતા વાપરી

હાથમાંના ઘડાનું પાણી ખાલી કરી બંને હાથે સીધો પકડી લીધો. જેથી તરી આવ્યો, અને એક ઝાડની ડાળીને વળગી પડયો. જાંગમાં એકાદ ડાળ એટલી જોરથી લાગી ગઇ કે જાંગ ચીરાઇ લેહીલોહાણ થઇ ગઇ. ધીમેથી પગ ઠેરવી ઉભો થયો ચોકખું પાણી ભર્યું અને બહાર નીકળી પડયો.

ચીરાયલી જાંગની આસાયશ માટે વફાદારીના સાચા પ્રેમે એક ઘડી માટે પણ થોભવા દીધો નહી. દોડયો—જેટલી ઝડપથી દોડાયું. અને ઇસ્પીતાલના બારણામાં આવી જુએ છે તો અય્યાશની આંખો બંધ, અને મોં ખુલ્લું. સમજી ગયો કે આત્મા નીકળી ગયો.

પાસે જઇ મોંમાં પાણી રેડયું તો ધીમેથી આંખો ખુલી, અને અઝીઝ ખુશ થઇ ગયો.

ખાડીના પાણીમાં કોણ જાણે કયું ગૂણ હતું કે, ગળા નીચે ઉતરતાંજ અય્યાશને જોઇએ તેવો ગૂણ થયો. તબીઅતમાં ફેર પડી ગયો. અઝીઝને પાસે બોલાવી બેસાડયો, હૃદય પ્રેમથી ઉછાળા મારી રહ્યું હતું, ઉપકારીક વાકયોમાં કહેવા લાગ્યો.

"અઝીઝ પ્રભૂએ તને કેવું અતઃકરણ આપ્યું છે. હું તારા ઉપકારને છેવટ સુધી ભૂલીશ નહી. જો કે હું આ વખતે લાચાર છું. તને આપવા સારૂ મારી પાસે કંઈ નથી, અને જે છે, તે તારા ઉપકારના બદલામાં કંઇજ

વિસાંત નથી રાખતું. તોપણ હું આશા રાખું છું કે તું ખુશીથી હું જે આપું તે કબુલ કરશે.

એટલું કહી અય્યાશે પોતાની બાજુપર બાંધેલું એક ચીથરૂં ખોલી તેમાંથી એક ચકચકિત હીરો કાઢી અઝીઝના હાથમાં આપતા કહ્યું. "આ હીરો દસ હજારથી ઓછી કીંમતનો નથી. મારા પિતાએ મરતી વખતે નિશાની દાખલ તે મને આપ્યુ હતું, મેં આજ સુધી તેને જીવ પેઠે સંભાળ્યો હતો. પણ આજે તારા અપૂર્વ ઉપકારના એક તુચ્છ બદલા તરીકે તને અર્પું છું. જે કબુલ કર!"

અઝીઝે હીરો હાથમાં લીધો હીરાની ચળકાટ જોઇ છક્ક થઇ ગયો. પણ થોડીવાર જોયા પછી ઘણેજ સાદે દીલે પાછો આપતા કહ્યું.

"સરકાર હીરો તો ખરેખર અમુલ્ય છે. પણ જો આના કરતાં બમણી કીંમ્મતના હીરા હોય અને ગણત્રીમાં જો કે પચાસ જેટલા હોય, તોપણ મારે શું કામના! આ ચ્હેરાપરથી કુરબાન છે. હું ઇશ્વરના સોગંદ ખાઈ કહું છું, કે મને કોઇ પણ જાતની લાલચ અહીં લાવી નથી. બલ્કે માબાપોએ ખાધેલા નીમકે અહીં સુધી લાવ્યો છે. પ્રભુ ખાતર મારી મહેનત ધૂળમાં ન મેળવો અને કોઇ પણ જાતની લાલસા દેખાડયા વગર મને મારા નિર્મળ અને શુદ્ધ પ્રેમ પર મકકમ રીતે ચોંટી રહેવા દો. મને એ હીરાની કોઇ પરવા નથી હું તો ફકત આજ ચ્હેરાનો દીવાનો છું

અને જો એકવાર આ મૂર્તી સજીવ થઇ ગઈ તો હું એક એવી દોલતનો માલીક થવાનો છું કે જેની બરાબરી દુનીયાની કોઈ પણ વસ્તુ કરી શકતી નથી. હું ફક્ત તમારી તંદરૂસ્તીજ ચાહું છું. પ્રભુ એકવાર આપને તંદુરસ્તી બક્ષો અને આપ આ હીરો આપના વહાલાં બેગમ આરઝા બેગમને પહેરાવો."

અઝીઝના આ નિસ્વાર્થ દર્શક વાક્યો સાંભળી અય્યાશની આંખોમાં ઝળઝળીઆં ભરાઈ આવ્યાં. રકત વાહિનીઓ નિર્મળ પ્રેમથી ઉછાળા મારવા લાગી. પણ જ્યારે આરઝાનું નામ સાંભળ્યું, તો હૃદય ડંખી ઉઠયું. દુઃખીએલા જીગરે બોલી પડયો "અઝીઝ, અઝીઝ, તારૂં એક એક વાકય જણાવી રહ્યું છે અને તારૂં એક એક શબ્દ કહી રહ્યું છે, કે તારી શિરાઓમાં કોઈ મહા સંત પુરૂષનું લોહી દોડી રહ્યું છે. તારા ખૂનમાં કોઈ દૈવીજનનું ખુન ભેળવાયલું છે. જો હું જીવી જઇશ અને આ બિમારીમાંથી મુકત થઇશ, તો બતાવી આપીશ કે હું તારા ઉપકારનો બદલો કેવી રીતે વાળી આપું છું પણ હાય અઝીઝ તું જે આરઝાને આ હીરો આપવાનું કહે છે! અને જેનું અપવિત્ર નામ લઇ તારૂં પવિત્ર મોં બગાડે છે! તે સુધરેલી પતિવૃતાની મારી સાથે ચલાવેલી વર્તણુંકનું બયાન કરતાં મારી છાટી ફાટી જાય છે. હાય હું જેને મારી સમજતો હતો, અને જેને હું મારી જીંદગીની

ખરી સાથી સમજતો હતો, તેણે....હાય તેણે મારી સાથે એવી તો ગેરવર્તણુંક ચલાવી છે કે જેની એકજ દલીલ મારા દુઃખી હૃદય માટે અગ્નીની અસર રાખે છે. અઝીઝ કદાચ તુ ન માનશે, કે તે ભણેલી ગણેલી દુષ્ટાએ ભર કોર્ટમાં મને દીવાનો ઠેરવ્યો. મારી હાંસી કરાવી. અને ખરૂં જોતાં મારી આ મુસીબતની ખરી કારણરૂપ પણ તેજ છે. હાય તેણે મારી એક નિર્દોષ સ્રિને મારી નંખાવી. મને તેને શરાબ પીવડાવવા માટે ઉશ્કેર્યો જેથી તે સ્વર્ગની દેવીએ પોતાના કુળની આબરૂ સાચવવા માટે પોતાને જંગલી જાનવરોના મોંમાં ઝંપલાવ્યો. ન પૂછ–ન પૂછ અઝીઝ આરઝાના જુલમો ન પૂછ! મારી તે "ગરીબ હલીમા" પર તેણે કેવી કેવી રીતે મુજ પાપીના હાથે કેવાં કેવાં જુલમો કરાવ્યાં......."

અય્યાશનું દુઃખ વધી ગયું તે વધારે દર્દથી કહેવા જતો હતો. પણ એકાએક તેની અઝીઝ પર નજર પડી. તો જુએ છે કે તેની પણ આંખોથી અશ્રુઓ વહી રહ્યાં છે. તરતજ બોલી ઉઠયો "વહાલા અઝીઝ પણ તુ કેમ રડે છે? શું તું પણ મારા જેવોજ દુઃખી છે? મારી માફક તું પણ કોઇ સ્રીનો સતાવેલો છે?"

આ કીસ્સો સાંભળી જો કે અઝીઝના હૃદયમાં કોઇ ચીજ ડંખ મારી રહી હતી. છતાં તેણે છુપાવતાં ફ્કત એટલુંજ કહ્યું કે "નહી ખુદાવંદ હું આ વાતોથી બીલકુલ

બચવા પામ્યો હું મારા જેવા ગરીબ માણુસને આ કેવી ને વાત કેવી ? એ તો હું આપનુંજ સાંભળી રહી રહ્યો હતો." (વાત ઉડાવતા) "હવે એ વાતજ જવા દો એક તો તમારી તબીયત ઠીક નથી અને ઉપરથી આવી વાતોથી વધારે બગડશે. માટે તમે એક વખત સારા થઇ જાઓ પછી સઘળી હકીકત સવિસ્તર કહેજો.

પ્રકરણ ૧૬ મું.

"જડી ખલાસ."



અઝીઝ પ્રભુ જાણે કઇ પ્રકારનો માણુસ હતો કે જેના ફકત ગુણવખાણુજ કરવા અમારા પાસે શબ્દો નથી. ધન્ય છે, એના વિચારોને અને ધન્ય છે એની સ્વામીભક્તિને કે જેણે ફકત પોતાના સ્વામિને દુઃખ ન પહોંચે એટલાજ માટે તે હકીકત છુપાવી કે જે પાણી વખતે ખાડીને રસ્તે તેનાપર ગુજરી હતી. મનુષ્યાવતારમાં જન્મેલો તે દેવીપુત્ર પોતાના માલેકને પાણી પાઇ થોડી વાતો, જે ગયા પ્રકરણમાં છે. કરીને અભ્યાશના માથા તરફ આવેલા ખુણામાં ગોઠવેલા ચુલા પાસે આવી બેઠો. અને લાગેલા જખ્મોની મલમપટી કરવા લાગ્યો.

મોંપર ભયંકર ઉદાસી પ્રસરી રહી હતી, હજુ સાલેહની કરૂણ મોત તેના દીલપરથી ખસવા પામી ન હતી. વારંવાર નિશ્વાસો નાખતો. ઉંડા વિચારોમાં પડી જતો અને એકાદ વખતતો આ પ્રમાણે બબડી પણ ઉઠયો કે "આહ બિચારો સાલેહ આવા એકાંત વનમાં કેવી રીતે આવ્યો હશે? શું મારી માફક તે પણ મિત્રના ચરણોમાં કુરબાન થવા આવતો હશે! તેણે પહેલાંજ નિરાશ હૃદયે અય્યાશનું નામ ઉચ્ચાર્યું અને સલામ કહ્યું જે પરથી જણાય છે, કે તે પણ અય્યાશની મદદ માટે આવતો હોવો જોઇએ. પણ રસ્તો ભૂલી જવાથી તે તરફ નીકળી ગયો હશે. આ......"

હજુ આ બબળાટ ચાલુજ હતો કે અય્યાશે આશ્ચર્યતાથી બૂમ પાડી. "અઝીઝ આમ આવ તો!"

સમજી ગયો કે "મારા બબળાટે તેનું લક્ષ આ તરફ ખેંચ્યું જખમો પણ....જોઇ લીધા....હવે કેમ?"

ધડકતી છાતીએ પાસે આવી ઉભો અય્યાશે લોહીમાં તરબોળ થએલી ઇજાર તરફ આંગળી બતાવતા કહ્યું. "અઝીઝ આ શું?"

ચાલાક અઝીઝે તરતજ બેપરવાઇથી કહી દીધું. "કંઈ નહી એતો એકાદ ફોલ્લી થઇ હતી તે ફુટી ગઈ."

"એમ છે? ત્યારે તો હું આજથી તારા હાથનું ખાવાનો નથી."

અય્યાશ સમજી ગયો હતો કે "અઝીઝ છુપાવે છે

જરૂર કંઇ સખત માર લાગ્યો હોય એમ જણાય છે. પણ તે કહેવા નથી માંગતો." જેથી ધમ[illegible] આગ્રહમાં ઉપલું વાકય કહ્યું. જે સાંભળી અઝીઝના પણ હોંશ ઉડી ગયાં. આશ્ચર્યચકિત થઇ પુછયું, "કેમ ? કેમ શું થયું, પ્રભુ આતર કહો શું થયું ?"

"શું થયું ?" અય્યાશે સ્હેજ ગુસ્સો દાખવતા કહ્યું, "હજી પૂછે છે કે શું થયું ? જ્યારે હું તને મારા માલેક કરતાં પણ વધારે સમજું છું, જ્યારે હું તને મારા અનેક દુઃખ-દર્દો કહું છું. ત્યારે તું મારાથી મેલ રાખી દરેક વાતો છુપાવે છે. બબળાટ શું કરતો હતો. જાંગ પર લાંબા ચિરાટા જેવું શું દેખાતું હતું !"

હવે અઝીઝ લાચાર થઇ ગયો અય્યાશે સર્વ જાણી લીધું જોઇ, છેવટે સઘળી હકીકત ઘણીજ સાદી અને ટુંક રીતે કહી સંભળાવી. જેમાં સાલેહની પણ હકીકત કહી સંભળાવી અને પોતાનીજ ધારણા દાખવતા જણાવ્યું.

"મને તો લાગે છે કે, તે મારી મદદે આવનાર અજાણ્યો પુરૂષ કોઇ આપનો મિત્ર હોવો જોઇએ, કારણ કે મરતી વખતે તેણે સર્વથી પહેલા આપનુંજ નામ લઇ કહ્યું કે "તેમને મારૂં સલામ કહેજો" અને પોતાનું નામ સાલેહ જણાવ્યું."

"હેં સાલેહ ?" અય્યાશ આ નામ સાંભળી એકદમ આશ્ચર્યથી બૂમ પાડી ઉઠયો અને બિછના પર બેઠાં થતાં કહ્યું "સાલેહ મારી મદદે આવતો હતો ? આહ દુનીયા હું

તારાથી અજાણુ હતો. દોલતના અભિમાને મને એટલો પણુ વખત ન આપ્યો કે હું સાલેહની પ્રેમભકિત સમજી શકું. આહ મેં તે બિચારાનું કેવી રીતે અપમાન કર્યું હતું. તે રાત દીવસ સાથે રહેનારાને બારણા બહારથીજ વિદાય કરી તેનું દીલ કેવી રીતે દુઃખાવ્યું હતું? છતાં આહ આજે તે દોસ્તીનું હક અદા કરવા મારી ભયંકર બિમારીને ભેટવા આવી રહ્યો હતો! ઓ પ્રભૂ આજે તે મારી ચાકરી કરવા આવી–રહ્યો...હતો!!!

અય્યાશની છાતી ઉભરાઇ આવી કંઠ ગુંગળાઈ ગયો અને ધ્રુસ્કા લઇ રડવા લાગ્યો. પણ, પણ હવે તે રડવાથી અને યાદ કરવાથી શું વળવાનું હતું? વખત નીકળી ગયું. સાલેહ તેની બેવફાઇના ડાઘ પોતાના હૃદયપર લઇ ચાલતો થયો. ને હવે શું? ખરેખર કોઇએ કહ્યું છે કે:—

વક્ત પર કત્રા બહોત હય અબ્રે ખુશ હંગામકા,
સારી ખેતી જલ ગઇ બરસા તો ફીર કીસ કામકા.

અર્થાત જરૂર વખતે વરસેલું એક ટીપું પાણી પણ જોઇએ તેટલું કામ લાગે છે. પણ તે ધોધમાર વરસાદ કે જે આખર ખેતી બળી ગયા પછી વરસે છે. તે શા ઉપયોગનું.

વખત નીકળી ગયો અને હવે અય્યાશ આખી ઉંમર સાલેહની કદર કરવા ચાહે તો કંઈ વળે એમ નહતું.

"અઝીઝ..." અય્યાશે ફરી ગદગતા કંઠે તેની

શિખામણો યાદ કરતાં કહ્યું ” આજ મિત્રે મને એક વખત કહ્યું હતું કે “હલીમાના પ્રતાપેજ તમે પણ પ્રભૂના કોપથી બચી રહ્યા છો!” હાલ હું સોગંદ ખાઇ કહું છું. કે મારી હલીમાના ગુજરયા બાદ એકજ મહીના પછી મને આ રોગ લાગુ પડયો.

ફરી છાતી ભરાઇ આવી. અઝીઝની આંખોમાં પણ પાણી ભરાઇ આવ્યું. પણ ચુલાપર મુકેલી ખીચડીની બળવાની વાસ આવવાથી તે તે તરફ દોડી ગયો.

જમણ તૈયાર થયા બાદ અય્યાશને જમાડી પગ ચાંપવા બેસી ગયો. છેક સ'વારમાં જયારે અય્યાની આંખ ખુલી તો તેને કાલની અને આજની હાલતમાં આકાશ પાતાળનો ફરક માલમ પડયો. ફરી બપોરે તડકામાં સુવાડી સઘળા કીડાઓ વણ્યાં, દવા છાંટી, કપડાં બદલાવ્યાં, દૂધ પાયું, અને કેટલાક દીવસો એવીજ ચાકરી પાછળ કાઢી નાખ્યા. અને એક દીવસ તે અસલ જડી ખલાસ થવાથી અય્યાશને કહેવા લાગ્યો.

“ખુદાવંદ હવે તમારી તબીયતમાં ઘણોજ સુધારો થઈ ગએલો જણાય છે. કીડાં બંધ પડી ગયાં છે. ફક્ત કોઢના ચાઠાંઓજ માલમ પડે છે. અને હવે પરવરદીગારથી આશા છે કે થોડાંજ દીવસમાં આપ તંદરૂસ્ત થઇ જશો. પણ અફસોસ કે જે મૂલ્ય જડી મને થોડી મળી હતી તે ખલાસ થઇ ગઈ છે. માટે જો રજા આપો તો, ટુંકજ

સમયમાં તે લઇ પાછો ફરૂં."

અઝીઝનું મોં અય્યાશ માટે એક એવી હાલત હતી કે જે માટે અમારી પાસે શબ્દો નથી. અઝીઝને આ પ્રમાણે બોલતો સાંભળી અય્યાશે વિચાર્યું કે "અઝીઝ મારી ચાકરીથી થાકી ગયો લાગે છે. અને હવે નાસવા કરે છે" જેથી તેણે ઇન્કાર કરતા ઘણુંજ દયામણા થઇ કહ્યું. "અઝીઝ વહાલા મને તંદરૂસ્તી કે જડીની જરૂર નથી. ફકત જરૂર છે તો તારીજ. મારા માટે તેં જે કર્યું. મારૂં મોં નથી કે હું તેના વખાણ કરી શકું તો પણ હવે તું મારી પાસેથી ઘડી માટે પણ ખસશે તો નકકી સમજજે કે હું ટળવળી ટળવળીને જીવ ખોઇશ. હુ સારી રીતે જાણું છું કે મારી ખાતર તારાં ભૂખ, તરસ, સુખ, ચેન, સર્વ નાશ પામી ચુકયા છે. તુ મારે ખાતર દુઃખના ઉંડામાં ઉંડા ખાડામાં કુદયો. તેં મારા માટે દુઃખો અને મુસીબતોના એક એવા ડુંગરને માથે ઉંચકયો કે જેની સરખામણી દુન્યામાં ભાગ્યેજ મળે. તો પણ તને મારી નમ્ર વિનંતી છે. કે હવે તું મારાથી જુદો ન થા. મને તારાથી ખરો પ્રેમ થઇ ગયો છે. તેં મને મારા મૂએલા માબાપ યાદ કરાવ્યાં. તેં મારા પર એવા એવા ઉપકારો કર્યા કે જેનો બદલો વાળવા હું અશકત છું. મને ન છોડ, અઝીઝ પ્રભુ ખાતર મને ન તરછોડ અને મારા પર દયા કર."

અય્યાશનું વિલાપ સાંભળી અઝીઝના શરીરમાં રોષ

ચઢી આવ્યો. તેના રોમાંચ ખડા થઇ ગયાં, તેનું અંત:કરણ ઉભરાઇ આવ્યું. તેણે પોતાનું ગાલ અય્યાશના ગાલ પર ઘર્યું અને ગદગદતા કંઠે કહ્યું. "સરકાર આ શું બોલો છો? તમારા કરતાં મને વધારે પ્રેમ છે. તમે જેને દુ:ખ કહો છો તેને હું જીંદગીનું ખરૂં સુખ સમજું છું. હું પ્રભુના સોગંદ ખાઈ કહું છું, કે હું થોડીજ વારમાં જડી લઇ પાછો ફરૂં છું- જો કે હું તમારી પાસેથી જઇશ પણ મારૂં મન તો તમારી પાસેજ રહેશે. મારા પર ભરોસો રાખો હું હમણાંજ તે જડી લઇ પાછો ફરૂં છું."

અય્યાશે લાચાર થઇ રજા આપી જાંગમાં લાગેલો જખમ વધી રહ્યો હતો, લંગડાતો લંગડાતો બહાર નીકળી પડયો. ડુંગર પર જઇ સાંજ સુધી ફાંફાં માર્યાં પણ જડી કયાંએ મળી નહીં ડુંગરની કોઇ પણ જગા એવી ન રહી કે જે ઉપરથી અઝીઝની આંખ પસાર થઇ ન હોય. શોધવાની ધુન એ હતી કે તેને જે ડુંગર જે જગ્યા અથવા જેટલે માઇલ છેટે જડી હોવાનો વહેમ પડતો ત્યાં ત્યાં તે જઇ શોધતો. હતભાગીને એટલું પણ ભાન ન હતું કે પોતે કઇ તરફ જઈ રહ્યો હતો.

પ્રકરણ ૧૭મું

“કુદરતની કસોટી”

આ નિયમ વધુ કરીને જોવામાં આવે છે કે જ્યારે ‘અમુક’ કોઈ ચીજ માટે પોતાની બારીક જીજ્ઞાસા દાખવે છે ત્યારે આપનાર તેને સંપૂર્ણ રીતે કસી લે છે. અને જુએ છે કે “હું જે ચીજ તેને આપવા ચાહું છું અથવા જે ચીજ તે લેવા ચાહે છે તો તે તેને લેવાને બરાબર લાયક છે કે નહી” અને તે તે લેવાને લાયક ન હોય તો તેને અમુક વિષયો સોંપી લાયક બનાવવાનો પ્રયત્ન કરે છે અને જ્યારે તે યોગ્ય રીતે ફતેહ મેળવે છે ત્યારેજ તેને તે ચીજ આપવામાં આવે છે. જેના દાખલામાં અહીં ફોજદારોનો દાખલો ઘણોજ યોગ્ય જણાશે કારણ કે આ હકીકત લગભગ સઘળાજ જુએ છે, કે જે ફોજદાર સીપાઇથી વધીને અનેક જાતના અનુભવો મેળવી ધીમે ધીમે ફોજદારની પદવી સુધી જાય છે. તેજ ફોજદાર ઘણીજ ફતેહ-મંદીથી પોતાના હાથનીચેના સીપાઇઓ નાયકો વિગેરેને કેળવી તથા જાળવી શકે છે. અને પોતાના ઓદ્ધા પર સારી નામના મેળવી તથા પ્રજા તરફ માયાથી વર્તી હંમેશ કાયમ રહે છે અને લોકો તેના વખાણ કરે છે. તેથી ઉલટું જે ફોજદાર એકદમ

વગર મહેનતે ફોજદાર બની જાય છે તે ફોજદાર દરેક રીતે ઉપર દર્શાવેલા ફોજદારોથી ઉલ્ટો જાય છે. પોતાથી નીચલા વર્ગના પોલિસો, નાયકો તેમજ પ્રજા તરફ તોડછાઈથી વર્તી પોતાની હલકાઇ બતાવે છે અને પ્રજાની પીઠ પાછળ વખોડણી સાંભળી કેટલીક વખત પોતાનો ઓધ્ધો પણ ગુમાવી બેસે છે. તો માલમ પડયું કે દુની-યાની કે પરલોકની કોઈપણ ચીજ વગર અનુભવે મળવાથી આગળ જતા તે હાનિકારક થઇ પડે છે. જેથી હોશિયાર આપનાર તેને પરીક્ષા વગર આપતા નથી અને મેળવનારને જાત જાતની પરિક્ષાઓ મુસીબતો અને દુઃખો સહન કરવા પડે છે.

તો વાંચકો આ ઊપરથી સ્હેજે સમજી શકયા હશે કે અઝીઝ જે ચીજ મેળવવા માંગતો હતો અથવા પ્રભુ તેને જે ચીજ આપવા ચાહતો હતો તે ચીજ કંઇ જેવી તેવી ન હતી. અને તેને આપનાર પણ કંઇ જેવો તેવો નહતો. જેને એક વાર નિર્દયમાં નિર્દય કહો તો પણ ચાલે અને દયાળુમાં દયાળુ કહો તો પણ ચાલે.

અઝીઝ જે પરીક્ષામાં બેઠો હતો અથવા અઝીઝ જે પદ્વિ માટે મથી રહ્યો હતો તેનું નામ "વફાદારી" હતું. અને કોઇ પણ માણસ "હું વફાદાર છું" એમ કહી દુનીયાને ન છેતરે, અથવા પ્રભૂના દરબારમાં કોઈ "હું ફલાણાનો વફાદાર મીત્ર હતો" એમ કહી વફાદારોના

ટોળામાં ન ઘુસી જાય એટલા માટે ઇશ્વરે પરિક્ષા રાખી હતી. હવે તેની પરિક્ષા કેવી અને કયા પ્રકારની હોય છે તે લગભગ સર્વ કોઇ જાણે છે.

અઝીઝે સહન કરેલા દુઃખોથી કુદરત સંતોષાઇ ન હતી, છતાં અમે એમ કહેવામાં જરા પણ કચાશ્ન ન રાખીશું કે અઝીઝની આ પરીક્ષા છેલ્લી હતી. જેમાં તેને હદ ઉપરાંત દૃઢતાથી કામ લેવાનું હતું. વફાદારીના નામ પાછળ મુર્ખ બનેલા અઝીઝને એટલું પણ ભાન ન હતું કે તે આ વખતે કયાં હતો અથવા તે જગ્યાનું નામ શું હતું?

સાંજ પડી ચુકી હતી. સૂર્ય રોજના નિયમ પ્રમાણે પશ્ચિમ માં જઇ પહોંચ્યો અને હવે કમનસીબ અઝીઝને ભાન આવ્યો કે "હું કયાં છું અને ઇસ્પીતાલ જવાનો રસ્તો કયાં છે!" ઘીચ ઝાડોના ડુંગર પર સાંજ પડી ગએલી હોવાથી અત્યારથીજ રસ્તો જડવો અશકય હતો. અને વધારામાં વાદળાં ઘેરાઇ આવ્યા વીજળી ચમકવા લાગી પવન જોરથી ફુંકાવા લાગ્યો અને ધોધમાર વરસાદ ચાલુ થઈ ગયો. થોડીજ વારમાં ચારે તરફ ઘોર અંધકાર પ્રસરી રહ્યો. અઝીઝ જે જગ્યા પર હતો તે એક એવો ડુંગર હતો જ્યાં દીવસનાં પણ મનુષ્યને જતાં બીક લાગે. અંધારામાં રસ્તો જડવો મુશ્કેલ હતો તો પણ અઝીઝ આમ તેમ ફાંફાં મારી રહ્યો હતો. વફાદારીની ધુનમાં મસ્ત થએલો અઝીઝ હવે ગભરાયો કે હવે જવું કયાં?"

વખત જેમ જેમ વહેવા લાગ્યો તેમ તેમ અંધકાર વધી રહ્યો હતો અને છેવટે અહીં સુધી વધી ગયો કે અઝીઝ પોતાનો હાથ જોવાને પણ અશક્ત થઇ ગયો. વરસાદ વધી અને વધી રહ્યો હતો ઠંડી પવન શરૂ થઈ ગઇ અને ફોરાં હીમમાં ફેરવાઇ ગયાં. જંગલના હીંસક પ્રાણીઓ આશરા માટે આમતેમ દોડવા લાગ્યા. વાઘ વરૂ સિંહ ચિત્તા શિઆળ વિગેરેની બૂમાબૂમથી અઝીઝ અધમૂઓ થઇ ગયો ચારે તરફ ખળભળાટ મચી રહ્યો અને કેટલીક વખત તો મોટા મોટા સિંહો અઝીઝના શરીરને અડકીને કુદી જતાં. વાંદરાઓ ભૂલમાં તેના માથા પર ચઢી બેસતા અને તે ગભરાઈને ચીસો પાડી ઉઠતો. પણ કોઇનું કોઇને ભાન નહતું હીમના તોફાનમાં સર્વ કોઈ પોતાના જીવની કરી રહ્યાં હતાં.

એકાએક વીજળીએ એક જોરથી ચમકારો માર્યો અને અઝીઝની આંખ સામેના પત્થર પર ઉભેલા એક વિકરાળ સિંહ પર પડી. સમજી ગયો કે સિંહ તરાપ મારવાની તૈયારીમાં છે. આંખો ચળકી રહી હતી પળવારમાંજ એક મોટી ગર્જના સાથે વિજળી ચમકી અને સિંહ અઝીઝ તરફ કુદયો.

વીજળીની ગર્જનાથી ચમકેલો સિંહ તો અઝીઝ પાછળના પત્થર પર કુદી ચાલતો થયો. પણ બીચારો અઝીઝ ચમકી ગયો અને મનમાં આવ્યું ત્યાં દોડયો, પગ સરી ગયો અને તે વક્ષા-

દાર સેવક પોતાના માલીક પર તે ઉંચા પહાડ પરથી ગબડી પોતાનો જીવ કુરબાન કરવા લાગ્યો. પણ તે થાય કેમ ? એકાદ છોડ હાથમાં આવી ગયો અને બચી ગયો. પણ હાથ પગ છોલાઈ ગયાં અને કોણીઓ ફુટી ગઇ.

આખું શરીર ચમચમાટ થઇ રહ્યું હતું. લોહીની ધારાઓ વહી રહી હતી ઘાઓમાં આગ બળી રહી હતી છતાં, કોઈ એમ તો કહેવાની હીંમત ન જ કરી શકશે કે હવે "અઝીઝ અય્યાશથી કંટાળી ગયો હશે !" નહીંજ નહીજ જેના વખાણના ફક્ત એકજ વાક્ય પરથી અય્યાશના મા બાપો પણ કુરબાન થઇ જાય તો એ થોડું હતું, તે મનુષ્ય કંટાળે ? કદીજ નહી કદાચ કોઇ ન માનશે કે અઝીઝને હમણા પણ જીવવાની જે કંઈ ઇચ્છાઓ હતી, અને તે જીવવા માટે હમણા પણ જે કંઈ પ્રાર્થનાઓ કરી રહ્યો હતો તો તે એટલીજ કે "હે પ્રભૂ તુ મારી જીવન દોરી ફક્ત એટલીજ વાર માટે લંબાવ કે હું મારા સ્વામીને સારા કરી શકું ?"

આંખો જો કે ઇજાઓ અને વેદનાઓથી રડી રહી હતી. પણ હોઠો તો એજ વાક્યો ઉચ્ચારતા કે "ભલે આનાથી વધારે દુઃખ પડે તો પણ પરવા નથી ફક્ત પરવા છે તો એટલીજ કે હું મારા સ્વામીને જડી પહોંચાડી શકું !"

આખી રાત એવીજ મુશ્કીલતોમાં કાઢી. અને આખરે એ મુસીબતોનો પણ અંત આવ્યો. વરસાદ પડતો બંધ થયો. વાદળાં ખસી ગયાં અને સુર્યે પોતાના તેજસ્વી દર્શન

કીધાં. પૃથ્વી પર અજવાળું પથરાઈ રહ્યું અને રસ્તાઓ સ્પષ્ટ દેખાવા લાગ્યા. શરીર જખ્મોથી છીન્ન ભીન્ન થઇ ગયું હતું. સ'વાર પડતાંજ ભૂખ્યો તરસ્યો ફરી તે બાપદાદાનો જુનો નોકર જડી.ી શોધમાં પડી ગયો. ઉઠતો બેસતો એક બીજા ડુંગર પર આવી પહોંચ્યો.

કહ્યું છે કે "મહેનત કદી વ્યર્થ જતી નથી. મહેનતનું ફળ જરૂર મળે છે" અઝીઝને પણ જડી મળી અને તે પણ એટલા પ્રમાણમાં કે અઝીઝ વણતા થાકી ગયો. વણી જેટલી વણાઇ અને ઇસ્પીતાલ તરફ દોડયો. ત્યાં આવીને જુએ છે તો અય્યાશ બેભાન પડયો હતો. ધબતે પગલે અંદર ગયો. સર્વથી પહેલાં જલદી જલદી જરૂર પૂરતાં જખ્મોને ઠીકઠાક કીધાં અને ચીંથરા થઇ ગએલા કપડાં બદલી નાખી જાહેર હાલત સુધારી ચુલે ખીચડી ચઢાવી અય્યાશના મોંમા પાણી રેડી તેને જાગ્રત કીધો.

અઝીઝને જોતાંજ તેણે હાથ જોડી દયાજનક અવાજમાં કહ્યું. "અઝીઝ દીલ લઇ દગો ન કર, આસ બતાવી નિરાશ ન કર. તને ખબર છે! પુરા બત્રીસ કલાકથી હું ભૂખ્યો છું. ઇસ્પીતાલના નોકરને દુધ લાવવાને ના કહેલું હોવાથી દુધ પણ મને મળ્યું નહી. પ્રભુ ખાતર થોડું પાણી પા" અઝીઝની છાતી ભરાઇ આવી શાંત રીતે પાણી પાયું. ખીચડી તૈયાર થયાં બાદ જમાડયું. જમી રહ્યાં બાદ બે કલાકે દવા પાઇ, મલમ લગાડયો, ભુકી ભભરાવી અને પગ

ચાંપવા બેસી ગયો. સવારે જ્યારે અય્યાશની આંખ ખુલી તો બીલકુલ સાજો થઇ ગએલો જણાયો.

પ્રકરણ ૧૮ મું

“વાહ રે દીલ? ધન્ય છે.”

પડતી નિહાળી સેંકડો દુશ્મન સમા થઈ જાય છે,
ચઢતી પધારે જે ઘડી લાખો પૂરી લલચાય છે;
દુઃખ દર્દમાં પળમાત્રનું સાથી ન કોઈ થાય છે,
જોયું “જફાએ” વિશ્વમાં મધ પર કીડી લલચાય છે.

ખરેખર જેમ મધ ઢોળાતા કીડી, ગોળ પથરાતા માખો, વરસાદ વરસતા પતંગીયા એકઠા થાય છે, તેમ અય્યાશના સારા થતાં જ લોકો પણ એકઠા થવા માંડે છે.

પહેલાં પહેલાં તો ડૅાક્ટર ચાર ચાર દીવસને આંતરે અને જ્યારથી અય્યાશની તબીયત વધારે બગડવા લાગી ત્યારથી પહેલાં આઠ અને પછી પંદર પંદર દીવસે આવતો; કેટલીક વખત તો અય્યાશને મહીના મહીના સુધી દવા મળતી નહી. આજે જ્યારે મહીના બાદ તે ડૅાક્ટર આવ્યો અને જ્યારે અય્યાશની તબીયતમાં સુધારો જોયો તો ખુશીમાં

ઉછળી પડયો. મોંમાથી એકદમ આનંદના વાક્યો સરી પડયાં "ઓહોહો મી. અય્યાશ તમે તો બીલકુલ સારા થઈ ગયા ને? મોતની હવે બીલકુલ બીક રહી નથી. જુઓ આખરે દવાએ પોતાનો ગુણ બતાવ્યો ને? હવે કંઇ નહીં. હું દસ બાર દીવસમાંજ આપના મીસીસને પણ અહીં આવવાની રજા આપીશ અને ચાર પાંચ દીવસમાં નોકરોને પણ રજા આપુ છું. જેથી તેઓ આપની સારી બરદાસ્ત કરશે!" વિગેરે ઘણાં બબળાટ કરી દવા ભરી ચાલતો થયો.

અય્યાશ શાંત રીતે એક સ્મિત કરતો આ બધું સાંભળી રહ્યો હતો, તે મનમાં જ હસી રહ્યો હતો અને જયારે ડૅાકટર ઉપલા વાકયો બોલી ચાલતો થયો તો એક તીરસ્કારના હાસ્ય સાથે મન સાથે કહેવા લાગ્યો "મૂર્ખ જયારે મને આરઝાકે નોકરોની બીલકુલ દરકાર રહી નથી ત્યારે નોકરોને મોકલવાનું કહે છે. અને જયારે મને ખાસ જરૂર હતી ત્યારે તો સર્વ કોઈને ધમકાવી ધમકાવીને મના કરતો હતો, તથા જયારે મને સારવારની કે બરદાસ્તની બીલકુલ જરૂર રહી નથી ત્યારે નોકરોને મોકલવાનું કહે છે. ખરેખર દુનીયા! હું તારાથી બીલકુલ અજાણ હતો. જે ડૅાકટર આજ સુધી નામ પણ ન લેતો અને ન છુટકે કદી નામ લેવું પડતું તો ખાલી અય્યાશ કરીનેજ બોલાવતો, તે આજે "મી. અય્યાશ" કરી સંબોધી રહ્યો છે. જયારે મને એની દવા છોડયાને મુદત થઇ ગઇ ત્યારે એ મૂર્ખ પોતાની દવાનું

ગૂણ દાખવે છે. પણ યાદ રાખજો, કે હવે હું તે અય્યાશ નથી."

આહ ઉદાર અઝીઝની તે બદલાની આશા વગરની ચાકરી, તેની તે કોઈ પણ જાતની લાલચ વગરની નિર્મળ મહેનત, તેને ઉદાર અઝીઝ લોકોથી સંતાડી રહ્યો હતો. લોકેષણાં સાંભળવા બદલ જ્યારે ડૉકટર આવ્યો ત્યારે તે સંતાઈ ગયો, અને અય્યાશને કહી દીધું કે "એને કહેતા નહી". ધન્ય છે એવા ઉપકારી પુરૂષને કે જે અસહ્ય ઉપકારો કરે છતાં તેને લોકોથી સંતાડે....? જ્યારે અય્યાશના જખ્મો દીન-પ્રતિદીન સુધરી રહ્યાં હતાં ત્યારે નીમક હલાલ અઝીઝના જખ્મો વધી અને વધી રહ્યાં હતાં. માલિકના દુઃખ આગળ પોતાના દુઃખ કંઇ હીસાબમાં ન ગણનાર તે વફાદાર સેવક અહીં સુધી ખમી રહ્યો હતો કે જેની અય્યાશને પણ ખબર ન હતી.

ઠેર ઠેર ચીરાટા અને ઠેર ઠેર જખ્મોની મલમ પટી પણ એવી રીતે કરતો કે અય્યાશને તેની હવા પણ લાગવા પામતી નહી અને સૌથી વધારે આશ્ચર્ય ઉપજાવનારી વાત તો એ હતી કે મોકો ન મળતો તો પાંચ પાંચ દીવસ સૂધી પોતાના જખ્મોની પરવા ન કરતો. ધન્ય છે એની નીર્મળ ચાકરીને ને તેની કુખને...."

*　　*　　*　　*

જે ડૉકટર વિસ વિસ દીવસો સુધી જોવા શુદ્ધાં આવતો

નહી તે આજે ચોથે દીવસે ફરી એક વાર આવી ઉભો. અય્યાશને આ વખતે ગેલેરીમાં ફરતો જોઇ છક્ક થઈ ગયો. તથા જેની હવા લાગવી ઝેર સમજતો હતો તેને દોડીને ભેટી પડયો, અય્યાશના હાથને પોતાના હાથમાં લઇ હરખથી શેકહેન્ડ કરી જાત જાતની મુબારકબાદીઓ આપવા લાગ્યો. પણ અમે કહી ચૂકયા છે કે અય્યાશ હવે પહેલાનો અય્યાશ રહ્યો ન હતો. તે તો હવે બીજી દુનીયાની સફર કરી આવ્યો હતો જેથી સારી રીતે સમજી રહ્યો હતો કે "ડૉકટર ખરી રીતે મને તંદરૂસ્ત જોઇ ખુશ ન થઈ રહ્યો છે. બલ્કે મને ફરી મળનાર મારા ઓદ્ધાની બીકથી બનાવટી ખુશી દાખવી રહ્યો છે." બનાવટી હાસ્ય કરી ડૉકટરના હીતસુચક વાકયોનો ખાલી આભાર માન્યો અને ડૉકટર હર્ષમાં ને હર્ષમાંજ એમ કહી ચાલતો થયો કે "હમણા તો હું જાઉં છું સાહેબ, પણ સ'વારે સઘળાને તમારી તંદુરસ્તીના શુભ સમાચાર સંભળાવી તમને ઘેર લઇ જવાની તૈયારી કરાવું છું. કારણ કે હવે તમારી બીમારીથી બીવા જેવું કંઇજ રહ્યું નથી."

ડૉકટરના ગયા પછી અઝીઝ અંદર એકલો એકલો શું કરે છે? તે જોવા દબાતે પગલે ધીમેથી ઇસ્પીતાલનું બારણું ખોલી અંદર ઘુસ્યો અને જયાં અઝીઝ બેઠો હતો ત્યાં જઇ તેની પીઠ પાછળ જઈ ઉભો. પણ ભારે અજાયબી વચ્ચે જુએ છે શું? કે પોતાના તારણહાર મિત્રની બંને

બાંહ્યો અવે ઇજારના પાંયચાઓ ઉંચે સુધી ચઢેલા છે અને તે પોતાની પુટી ગએલી કોણીઓ, ગુઠણો અને ઘુંડીઓ પર મલમ ચોપળી રહ્યો છે. આંખો ભરાઇઆવી રોમાંચ ખડા થઇ ગયાં મોંમાથી ઉદગાર નીકળો પડયો "અઝીઝ...!"

અઝીઝ ચમકી ઉઠયો તરત જખ્મો સંતાડવા લાગ્યો પણ હવે તો અય્યાશે જોઇ લીધું હતું. જેથી તેને તેમ કરતા અટકાવતા તેણે કહ્યું "ન સંતાડ મારા વહાલા મિત્ર ન સંતાડ (ભરેલી છાતીએ) મારા તારણહાર મિત્ર હું જાણુતોજ હતો કે જહી વખતે ચાલેલા તોફાનથી તને ઘણું વેઠવું પડયું હશે. પણ શું કરૂં તે વખતે હું લાચાર હતો. પણ હવે તે ઈશ્વરના ઉપકાર માનું છું કે જેણે મને તારા ઉપકારનો નહી જેવો પણ બદલો વાળવાનો ખરો સમય આપ્યો. જો કે હું તારા આ પૂકત જખ્મો પરથી કુરબાન થઈ જાઉં તો પણ થોડું છે. છતાં કાલે તુ મારી સાથે ઘેર ચાલ જ્યાં હું દુનીયાને બતાવી આપીશ કે વફાદારોનું મોં કેવું હોય છે! અઝીઝ અઝીઝ, હું કેવી રીતે તારા ઉપકારોનો બદલો આપું! એની મને સમજ પડતી નથી. વહાલા આજથી હું તારો છું, મારૂં જીવ તારૂં છે, મારી દોલત તારી છે, અને મારૂં સર્વસ્વ તારૂં છે."

અય્યાશથી હવે વધારે આગળ ન બોલાયું અવાજ ગુંગળાઇ ગયો અને હૃદયફાટ રડી પડતા અઝીઝના પગોમાં પોતાનું માથું મૂકી દીધું.

અઝીઝના આખા શરીરમાં કમકમી ચઢી ગઈ અય્યાશનું રૂંદન સાંભળી તેની પણ છાતી ભરાઇ આવી. અય્યાશને ઉંચકી લાગણીપૂર્વક ભેટી પડયો. બન્ને ભેટયા અને ડુશ્કેરાયા. કેટલીક પળો સુધી એવીજ રીતે બન્ને ધ્રુસ્કે ધ્રુસ્કે રડતા રહ્યા. છેવટે અઝીઝે ગદગદતા કંઠે કહ્યું. "મારા માલીક હવે મારાથી નથી સહન થતું, અને ન સહન થઇ શકશે. મેં જે કંઈ કર્યું અને મેં જે કંઇ ખમ્યું તે ફક્ત તમારા લૂણની કીંમતજ અદા કરી. એમાં ઉપકાર કોઈ જાતનો નથી. હું ફરી ફરીને કહું છું કે, મેં જે કંઇ કર્યું તે ફક્ત મારા પરલોકના માર્ગને સરળ કરવા સારૂંજ કર્યું છે. આપ મારા માલિક છો, સરકાર છો, સ્વામી છો, અને હું તમારો એક અદનો ગુલામ ચાકર છું, પ્રભૂ ખાતર હવે મને બહુ ન ચઢાવો. હું શરમાઉં છું. તમે સુખે સ'વારે ઘેર જજો, મારા આવવાની કંઇ જરૂર નથી."

આ સાંભળી અય્યાશના ગાત્ર ઓરબી ગળી ગયાં. પણ તરતજ હીંમત ધરી ધમકીરૂપ આગ્રહમાં કહ્યું "શું સ'વારે તું મારી સાથે નથી આવવાનો ? બનેજ નહી. જ્યાં સુધી મારા જીવમાં જીવ છે ત્યાં સુધી તો હવે તને નથી છોડવાનો. જોઉં છું કે તું કેવી રીતે જાય છે તને મારી સાથે ચાલવુંજ પડશે!" અઝીઝ કંઈ પણ જવાબ આપ્યા વગર એક ઠંડો શ્વાસ ભરી ચુલા તરફ ચાલતો થયો.

પ્રકરણ ૧૯ મું

"કોલકરાર"

બીજે દીવસે સુરજ નીકળતાંજ નામદાર ડેપ્યુટી કલેક્ટર સાહેબ મી. અય્યાશની તંદરૂસ્તીના સમાચાર આખા શહેરમાં વીજળી માફક પ્રસરી રહ્યાં. રોજ નીકળતાં દૈનીક પત્રોમાં ખબરો છપાઇ ગઇ. "નામદાર કલેકટર સાહેબની નવી જીંદગી" ના મથાળા નીચે લેખો છપાયા, અને આ સર્વનું કારણ એ સિવાય બીજું શું હોઇ શકે કે અય્યાશ માયાળુ તથા મળત્યા સ્વભાવનો હતો. અને તે શિવાય સાલગીરેહના દીવસે ગુમ થએલી હલીમા અને ત્યારબાદ થએલી તેની મોત અને વધુમાં અય્યાશની અય્યાશી વિગેરેએ તેને વધારે પબ્લીકમાં લાવી રાખ્યા હતા.

મીસીસ અય્યાશ જે આજ સુધી અય્યાશની જીવવાની આશા છોડી બેઠી હતી. તંદરૂસ્તીના સમાચાર સાંભળી ખુશાલીમાં ઉછળી પડી. ચીપૂ નોકરને બોલાવી શેઠની ખુશાલીમાં એક ભારે જલસો કરવાની તથા સઘળે આમંત્રણ મોકલવાની આજ્ઞા કરી દીધી. પળવારમાં અય્યાશ મેન્શનમાં ભારે ખળભળાટ મચી રહ્યો. અને એવીજ રીતે શહેરમાં પણ થવા લાગ્યું. અય્યાશના

આવવાના રસ્તા પર વાવટાઓ કમાનો વિગેરે બાંધવામાં આવ્યા મોટા મોટા કપડા પર મુબારકબાદીના લેખો લખી રસ્તાઓની વચ્ચે લટકાવવામાં આવ્યા. ટુંકમાં દરેક તરફ આવા આવા પ્રકારની તૈયારીઓ થવા લાગી અને જાણે ગવર્નર ન આવતા હોય તેમ લોકોમાં ચર્ચાઓ ચાલવા લાગી.

અય્યાશ ગમે તેવો હતો. મકાનમાં તે ગમે તેવી રીતે વર્તતો પણ બહાર તો તેણે સારી પ્રતિષ્ઠા મેળવી હતી. લોકોની પ્રીતી મેળવવામાં તો તે એવો તો ફતેહમંદ થયો હતો કે નાનાથી લઇ મોટા સુધી સૌ એને પ્રેમની દ્રષ્ટીએ જોતા તે દરેક તરફ પ્રેમ ભાવ દર્શાવતો. પ્રજા તેને માટે સર્વ કરવા તૈયાર હતી ફક્ત એટલુંજ કે તેની બિમારી વખતે ડૉક્ટરોની મનાઇ અને પોતાના જીવની ધાસ્તીથી કોઇ તેની પાસે જઈ શક્યું ન હતું. અય્યાશને ખુજળી શરૂ થઇ ત્યારથી, તો કોઢે દેખાવ દીધો ત્યાં સુધી લોકોની આવજા એટલા પ્રમાણમા રહેતી, કે આરઝાને ઘડીની પુરસદ મળતી ન હતી.

ગમે તેમ હો પણ અમે તો એજ કહીશું કે ફક્ત તેની બિમારીએજ સર્વને દૂર ખસેડી દીધા હતા. એટલે પ્રભૂનેજ એનો ગર્વ ઉતારવો મંજુર હતો. આ વખતે જે તૈયારીઓ થઇ રહી હતી તે દરેક નાના મોટા શહેરીઓના દીલમાં અય્યાશ માટે પ્રેમ હશે, એમ સુચવી રહી હતી. અને આ વખતે તેઓ ખરા અંતઃકરણથી તેને મુબારકબાદી

આપવા તત્પર હતા.

વાંચક આ સાંભળીને ઉદાસ થશે. કે જ્યારે શહેરમાં જેના આવકાર માટે દરેક તરફ આવા પ્રકારની ખુશાલીઓ પથરાઈ રહી હતી. ત્યારે તે મનુષ્ય ઇસ્પીતાલના પાછળના જંગલમાં રડતો કકળતો અને બરાડા પાડતો રખડી રહ્યો હતો. આમ તેમ જોતો. વ્યાકુળ બની જતો ને રડી પડતો કદી કદી ત્રાસથી એમ બૂમો પાડતો કે "અઝીઝ વહાલા અઝીઝ તું કયાં નીકળી ગયો ?"

* * * *

હકીકત એ હતી કે રાતના જમીને સુઇ ગયા બાદ જ્યારે સ'વારે અય્યાશની આંખ ખુલી તો જુએ છે શું ? કે અઝીઝ ઇસ્પીતાલમાં નથી. ધાર્યું કે "બહાર ગયો હશે." પણ જયારે અર્ધો પોણો કલાક ગુજરી ગયો તો ફીકર થવા લાગી, જઈને અઝીઝની બેગ જોઇ તો તે ત્યાં ન હતી પોટલી જુએ છે તો તે પણ ન હતી સમજી ગયો કે આખરે અઝીઝ કયાંય નીકળી પડયો. પણ હવે તે અઝીઝ વગર પળમાત્ર પણ રહે તેવો ન હતો. પોતે પણ તેની પાછળ નીકળી જવા તૈયાર થયો બહાર નીકળ્યો તો પગથીઆ પર એક ચીઠ્ઠી પડેલી જણાઇ તરત ઉંચકી વાંચવા લાગ્યો તે આ પ્રમાણેની હતી.

"વહાલા, જો કે આપથી જુદા થતાં મને બહુ દુઃખ થાય છે. પણ શું કરૂં લાચાર છું કે કયાં સુધી

સાથે રહું! મરણુ પામેલા માબાપોની શિખામણો માથે ચઢાવવી પડે છે, છતાં હું સોગંદ ખાઇને કહું છું કે જ્યારે મને તમારી સાથે મળવા જેવું દેખાશે ત્યારે હું પોતે આવીને મળીશ, બલ્કે સાથે રહીશ."

લી૦ આપનો સેવક, અઝીઝ.

"નહી નહી!" અય્યાશના મોંમાંથી નીકળી પડયું. "હું હવે તારા વગર પળમાત્ર પણુ જીવવાનો નથી "વખત આવશે તો તું શું મને આવીને મળશે!" હુંજ હમણાં તને શોધી કાઢું છું વિગેરે દુઃખના વિલાપ કરતો પાછળના જંગલમાં નીકળી પડયો.

જો કે તેનામાં હજુ જોઇએ તેવી શક્તિ ન હોતી છતાં લગભગ અર્ધો કલાક સુધી અઝીઝની શોધમાં ચાલુ ભટકતો રહ્યો. પણુ જ્યારે બીલ્કુલ થાકી ગયો તો થાક લેવા સારૂ એક પત્થર પર આવી બેઠો. દીલ દુઃખી રહ્યું હતું આંખોમાંથી અશ્રુઓ વહી રહ્યાં હતાં અઝીઝની યાદ અંતરમાંથી ખસતી ન હતી. વ્યાકુળ દ્રષ્ટીએ આમ તેમ જોતો અને બેચેન થઇ રડી પડતો પોતાનું ભાન પોતાને ન હતું હોશ ઠેકાણે ન હતાં માથું ખુલ્લું ને પગ નાગા એકાએક ફરી અંતરમાં ડંખ લાગ્યો જોરથી રડી પડયો

"અઝીઝ વહાલા અઝીઝ હજુ પણુ મને આવીને મળ શું તુ એમ સમજે છે કે, હવે હું તારા વગર જીવી શકીશ? તારી જુદાઇ કબુલ કરી શકીશ? નહી નહી, હું જંગલે

જંગલ તારા માટે ભટકીશ. તને શોધીશ અને તું ન મળશે તો.......કેમ નહી મળશે! કેમ નહી જડશે? હજી તને જવાને તો વાર થઇ નથી. કલાક પૂર્વેજ મેં તારી પાસે પાણી માંગેલું ત્યારે તો તુ હતો. આહ જરા માટે મારી આંખ લાગી ગઇ અને તુ નીકળી ગયો. પણ હવે હું તને જવા ન દઈશ તુ આટલામાંજ હશે! હું તને આટલામાંથીજ શોધી કાઢું છું. નીકળ! નીકળ! ઓ અઝીઝ પ્રભૂ ખાતર બહાર નીકળ! મને જોઇ સંતાઈ ન જા! હું સોગંદ ખાઈ કહુ છું કે જો તુ મને આવીજ રીતે સતાવશે અને ન મળશે તો હું આપઘાત કરીશ આત્મહત્યા કરીશ અને તેનું પાપ તારા માથે મૂકીશ હવે હું પળ માટે પણ તારા વગર જીવવાનો નથી આ બેવફા દુનીયામાં તારા વગર કોઈને હું મારૂં સમજતો નથી. જા તને જ્યાં જવું હોય ત્યાં જા! હું તારા ભલા માટે પ્રભુ પાસ પ્રાર્થના કરૂં છું પણ એટલું યાદ રાખજે કે શહેરમાં જઇ તારા એકવાર વખાણ કર્યા પછી હું પળ માટે પણ જીવતો રહેવાનો નથી. તું તારા સ્વકાનેજ સાંભળશે કે, "અય્યાશ ભાષણમાં પોતાના એક તારણહારના વખાણ કરી છાતીમાં છરી મારી મરી ગયો તુ............"

"નહી નહી? એમ ન કરતા".......અય્યાશના કાનમાં અવાજ આવ્યો ચમકીને જુએ છે, તો સામેના ઝાડ પરથી અઝીઝ ઉતરતો જણાયો. આંખમાં પાણી ભરાએલાં

હતાં અય્યાશ પણ તે તરફ દોડયો અને બંને ભેટી પડયા. અય્યાશે પૂનઃ કહેવા માંડયું." અઝીઝ અઝીઝ તુ ઘણો નિર્દય માણસ છે. તને ખબર છે કે તારા ગયા પછી મારી શી હાલત થઇ? મને કેમ દુ:ખાવે છે મને કેમ સતાવે છે. હું સોગંદ ખાઇ કહું છું કે તારી સાથે મને કુદરતી પ્રેમ થઈ ગયો છે. તારા વગર હું એક પળ માટે પણ જીવી શકતો નથી."

અય્યાશની ધારણા પ્રમાણે અઝીઝ વધારે દૂર જવા પામ્યો ન હતો. ઈસ્પીતાલમાંથી નીકળી તે થોડેજ દૂર ગયો ન હશે કે કેટલીક દૂર અય્યાશ તેની નજરે પડયો તરત પાસેના ઝાડ પર ચઢી ગયો સમજ્યો કે "અય્યાશ થોડીવાર આમતેમ જોઇ ચાલ્યો જશે." પણ તે શાનો જાય? એતો કમ્મર બાંધી અઝીઝ પાછળ નીકળી પડયો હતો. નસીબ સંજોગે પોતે બેઠેલા ઝાડ સામેનાજ પત્થર પર તે આવી બેઠો. અને કકળાવા લાગ્યો. અને જયારે તેણે પોતાનો છેવટ નિશ્ચય દર્શાવતા એમ કહ્યું કે "હું ભાષણમાં આપઘાત કરીશ." તો એનાથી ન સહન થયું અને જાહેર થઇ ગયો. અય્યાશનું રૂદન સાંભળી તેની પણ છાતી ભરાઇ આવી. દયા ઉભરાઇ ગઇ અને તેણે માફી માંગતા કહ્યું.

"મને માફ કરો. પણ શું કરૂં લાચાર છું."

"તને લાચારી શા વાતની છે? મારી સાથે રહેવા તુ કેમ રાજી નથી?" અય્યાશે પુછયું.

"હું મારૂં મોં તમારા ઇરાદા મુજબ દુનીયાને બતાવવા માંગતો નથી."

"પણ મારે તો બતાવવું છે! તારી અપાર સેવા મારે દુનીયાને જણાવવી છે!" અય્યાશે જીદ કરતાં કહ્યું.

"પણ એમ કરવામાં ફાયદો શું!"

ફાયદા ઘણાં છે દુનીયા લાજશે! હવે તું જરા પણ જીદ ન કર. જો તારા દીલમાં મારા માટે તલમાત્ર પણ પ્રેમ હશે તો તું મારી સાથે આવવાને વગર આનાકાનીએ સોગંદ ખાશે!"

અઝીઝ શાંત હતો.

અય્યાશે ફરી કહ્યું:—

"કેમ જવાબ નથી આપતો શું વિચાર કરે છે તને મારી સાથે પ્રેમ નથી?"

"છે પણ લાચાર છું."

"લાચાર છે તો જા! હું આપઘાત કરીશ!" એટલું કહી અય્યાશ ચાલ્યો પણ અઝીઝે તરત દોડીને પકડતા કહ્યું.

"ના ના....આવું છું! આવું છું—પણ મારી એક શરત કબુલ કરો!

"મારૂં જીવ પણ તારા માટે હાજર છે. મારા સ્વામી હુકમ કર!"

'હું તમારી સાથે શહેરમાં ન આવીશ"

"કેમ"

"તે હું કહી શકતો નથી પણ સોગંદ ખાઇ કહું છું કે જલસામાં આવી મળીશ"

"જરૂર! કોના સોગંદ!!" અય્યાશે અધીરા થઇ કહ્યું.

"પ્રભુના....તમારા...મારા" અઝીઝે શરત કબુલ થએલી જોઇ ખુશ થઇ કહ્યું.

અય્યાશ પણ ખુશ થઇ ગયો થોડીવાર ક્યાં મળશે ક્યાં નહી વિગેરે વાતો કરી બંને છુટા પડયા અઝીઝ બીજે રસ્તે શહેર તરફ ઉપડયો અને અય્યાશ હોસ્પીતાલ તરફ....

પ્રકરણ ૨૦ મું.

"પોતાના મકાને"

અય્યાશની તંદુરસ્તીના સમાચાર શહેરમાં પહોંચતાંજ બાર વાગ્યા સૂધીમાં તો ઇસ્પીતાલના આગળનો આખો ભાગ લોકોથી ભરાઇ ગયો. આરઝાના ઓર્ડરથી ચીફ મીસીએ બપોરના જમણનો પણ બંદોબસ્ત અહીંજ કર્યો હતો. શહેરથી ખુરસીઓ તથા ટેબલો મંગાવવામાં આવ્યા હતા. જે ઘણીજ સુવ્યવસ્થિત રીતે ગોઠવવામાં આવ્યા હતા જે પર અય્યાશના કહેવાતા દોસ્તો જડજો, બેરીસ્ટરો, વકીલો. ડૉકટરો વિગેરે બેઠા બેઠા વાતો કરી રહ્યા હતાં.

અય્યાશ અઝીઝથી જુદો પડી ઇસ્પીતાલ તરફ આવી જુએ છે, તો જાણે મેળો ન ભરાયો હોય! અથવા કોઇ મોટી રેસ્ટોરંટ ન ખુલી હોય! તેમ સુમસામ જંગલ ગુલઝાર મેળો બની ગયું હતું કેટલાક ખુરસીઓ પર બેઠા છે. કેટલાક ઇસ્પીતાલની ગેલેરીમાં ફરી રહ્યાં છે. તો કેટલાક ઝાડની ઠંડી છાયા નીચે બેસી વાતો કરી રહ્યા છે. એક તરફ મોટરો તથા ગાડીઓની લાંબી હાર ગોઠવાયલી છે. નોકરો ચાકરો આમતેમથી ઉતાવળે પગલે આવતા અને

હાથમાં છત્રી લઇ બેચેનીથી આમતેમ ફરતી આરઝાને "ક્યાંએ પત્તો નથી" એમ કહી ચાલ્યા જતા. એકાએક આરઝાની નજર દુર ઉભેલા અય્યાશ પર પડી. 'એ આવ્યા' કરી આનંદથી તે તરફ દોડી ગઈ. સઘળા મિત્રો ઉઠી ઉભા થઇ ગયાં.

પણ આ વખતે અય્યાશ પહેલાનો અય્યાશ ન હતો. તમામ ઉમ્મરમાં કદી ન પથરાએલી ગંભીરતા આજે તેના મોં પર માલુમ પડી રહી હતી. આરઝાને પોતાની તરફ દોડી આવતી જોઇ પોતેજ સ્મિત પણ દીર્ઘ હાસ્યથી તે તરફ વધ્યો. આરઝા આવતાની સાથે જ અય્યાશને ભેટી પડી. ઘણા દીવસો બાદ મળેલા પ્રેમીથી તેની છાતી ઉભરાઇ આવી અને કેટલીક વાર સુધી કંઇ પણ કહ્યા વગર તે રડતી રહી.

અય્યાશની આંખમાં ટીપું પણ પાણી ન હતું. કારણ કે તે આ વખતે પુરેપુરી રીતે સમજી ચૂકયો હતો કે આરઝા પોતાનો પ્રેમ પોતાના પ્રેમીના જીંદગીરૂપ છીકાપર રાખે છે. અને જ્યારે તે છીકું તુટવાની અણી પર આવે છે ત્યારે એવી સફાઇથી તે ઉંચકી લે છે કે જાણે કોઇ દીવસ રાખ્યોજ ન હતો. તે હવે સોચી રહ્યો હતો કે "આરઝા ફકત મારી જીંદગીનેજ ચાહે છે, મને ચાહતી નથી જ્યાં સુધી તેને મારી જીવવાની આશા હતી ત્યાં સુધી તેણે મારી ચાકરી ગુલામ પેઠે કરી. આ રોગની શરૂઆતમાં જ્યારે મારી નાની આંગળીમાં ખુજળી થઇ હતી.

ત્યારે તેણે ના કહેવા છતાં આખી રાત ખંપો કરવામાં ગાળી હતી. પણ જ્યારે આ રોગ લાગુ પડયો અને મારા જીવવાની આશા બિલ્કુલ ન રહી ત્યારે પોપટ માફક આંખો ફેરવી લીધી. અને હુવે ફરી પાછી મને તંદરૂસ્ત જોઇ વળગી વળગીને રડી રહી છે."

ટુંકમાં આ વખતે જેટલી ખુશી પોતાના નવજીવન પામેલા પતીને મળી આરઝાને ઉપજી હતી તેટલી ખુશી અય્યાશને પોતાની નવખુશાલી પામેલી અર્ધાંગનાને મળીને ન ઉપજી. થોડીવાર સુધી લોકલાજે ધીરજના શબ્દો કહેતો રહ્યો. પછી સઘળા દોસ્તો વાર જોઇ રહ્યા હતા તે તરફ હસ્તે ચ્હેરે વધ્યો અને સઘળા સાથે મુલાકાત કરી. સઘળાએ મુબારકબાદીઓ આપી. હસ્તધુનનો કર્યો અને જાત જાતના ખુશાલીના વાકયો કહેવા લાગ્યા.

ફરી આરઝાને જોશ છુટયો છાતી ભરાઇ આવી ફરી એકવાર અય્યાશ તરફ દોડી તેના બન્ને હાથો પકડી લીધા. અને ગુઠણીએ પડી કરગરીને કહેવા લાગી. "ડીયર મને માફ કરો....મેં તમારી સાથે ઘણી નિષ્ઠુરતા વાપરી. મેં તમારી તરફ ઘણી નિર્દયતા દાખવી...પણ શું કરૂં લાચાર હતી! ડૉકટરોએ રજા ન આપી. તેમ છતાં, તમે સાયન્સથી પુરો રીતે વાકેફ છો. તમે સારી રીતે જાણો છો કે તમારા રોગ તરફ આવનારની શી હાલત થાય છે! તમે ન્યાયી છો. અને તમે પોતે પણ એ ન કબુલ કરત કે કોઇ

અન્ય આવી તમારા રોગમાં સપડાય! તમે પોતેજ મને મારી જીંદગી જોખમમાં નાખવા ન કહેતે."

અય્યાશ સમજી ગયો કે, "આરઝા મારા મૂળચિન્હો જોઇ ઘભરાઇ ગઇ છે." છતાં હવે તે પીગળે એવો ન હતો. અઝીઝની અમુલ્ય ચાકરીએ તેને એ પણ દાખવી આપ્યું હતું કે "નિર્મળ પ્રેમ રાખનારા મોતથી કદી બીતાં નથી. આરઝાના અંતઃકરણમાં જો લેશમાત્ર પણ પ્રેમ હોત તો તે જોખમની પરવા કર્યા વગર વધારે નહીં તો આઠ આઠ દીવસમાં એક એકજ વખત મારૂં મોં જોતે અને પોતાનું દેખાડતે. તેના દીલમાં મારે માટે સ્હેજે લાગણી હોત, તો તે જરૂર વધારે નહી તો એક એકજ રૂપીઓ અઠવાડીઆનો મોકલી મારી મુશ્કેલીઓ દુર કરત. અરે જે સ્ત્રી એક ટાઇમનું ભોજન સુદ્ધાં ન મોકલી શકી? તેનો પ્રેમ કેવો, તેનો ભાવ કેવો, અને તેની પ્રીતી કેવી? આ સઘળું મકર છે. તેની વાતો બનાવટી છે."

અય્યાશમાં હવે અય્યાશી રહેવા પામી ન હતી. આ વખતે તે એક દુનીયાનો અનુભવી ઠરેલ અને ડાહ્યો પુરુષ બની ગયો હતો. ઇશ્વરી પ્રેરિત એકજ અવાજથી તે સુમાર્ગ પર આવી ચૂકયો હતો. તેના મુખપર પથરાએલી અજબ જાતની ગંભીરતા તેના દોસ્તોને પણ ગુચવણમાં નાખી રહી હતી. ખુશામદીયા તેની તરફ ભયભિત દૃષ્ટીએ જોઇ રહ્યાં હતાં. હવે મશ્કરીના વાકયો છેડવાની કોઇની હીંમત ચાલતી

ન હતી. અય્યાશ શાંત રીતે આરઝા તરફ જોઇ રહ્યો હતો. આરઝા વિલાપ કરી કરી પોતાનો પ્રેમ દર્શાવી રહી હતી. છેવટે અય્યાશે તેનાથી પીછો છોડવવાને ઇરાદે તેને ઉભી કરી માથા પર હાથ ફેરવી ફક્ત એટલુંજ કહી બીજા દોસ્તો સાથે વાતોમાં પડી ગયો. કે "કંઇ નહી એમાં માફીની શી જરૂર છે? જીવન સૌને વહાલું હોય છે. તેમાં તમારો શું વાંક છે?"

બપોરના જમણ પછી અય્યાશે આરઝાએ લાવેલા કપડા બદલી નાખ્યા અને સઘળા શહેર તરફ ઉપડ્યા.

શહેરમાં દાખલ થવાનો દરવાજો તથા રસ્તાઓ પૂર ઠાઠથી શણગારવામાં આવ્યા હતા. મોટરો ઘોડાગાડીઓની વચ્ચોવચ અય્યાશની મોટર રાખવામાં આવી હતી. શહેરના દરવાજા પર આવી પહોંચતાજ, જાણે કોઇ રણસંગ્રામમાંથી જીત મેળવી પાછો ન ફર્યો હોય! તેમ બેન્ડ વાજા વાગવા શરૂ થઈ ગયાં અને લોકોનું ઠઠ સાથે થઇ ગયું.

ધીમે ધીમે સરઘસ શહેર તરફ વધી રહ્યું હતું. અય્યાશ સર્વને નમી નમીને સલામ કરી રહ્યો હતો. એકાએક તેની નજર કોઈ વ્યક્તિ પર પડી. મોટર રોકાવી હાથને ઈશારે બોલાવ્યો. એકાદ ઓટલા પર ઉભેલો અઝીઝ તે તરફ દોડી આવ્યો. અય્યાશે બારણું ખોલી પોતાની પાસે બેસાડી લીધો. આરઝા પણ બાજુમાં બેઠેલી હતી. ભિખારી જેવા દેખાતા અઝીઝને પોતાની પાસે બેસાડેલો

જોઇ તેના ગુસ્સાનો પાર રહ્યો નહી છતાં ચૂપ બેસી રહી. સરઘસના લોકો આ પાઘડીવાળાને જોઇ હસ્તા અને અચ્યાશે તેને આપેલા માન તરફ અચરજ પામતા. લોકોની ભીડ વધારે હોવાને કારણે છેક સાંજના સાત વાગ્યાને આશરે સરઘસ અય્યાશ મેન્શન તરફ આવી પહોંચ્યું.

પ્રકરણ ૨૧ મું

"એક અજબ રહસ્ય"

અચ્યાશ મેન્શનનો વચલો હૉલ ઘણીજ સુંદરતાથી શણગારવામાં આવ્યો હતો. ચારે બાજુ પર સામસામા આવેલા ચાર રૂમના દરવાજાઓ પર મોટા મોટા મખમલના પડદાઓ લટકાવવામાં આવ્યા હતા. જેમાના એક સામે એક મોટો સ્ટેજ ગોઠવવામાં આવ્યો હતો. ભાષણ કરનારાઓ પાછળના દરવાજેથી દાખલ થઈ તે સ્ટેજ પર આવી શકે એવી ગોઠવણ કરવામાં આવી હતી. સ્ટેજની બરાબર વચ્ચેથી પણ થોડે દૂર એક લાંબો પડદો છેક તે નાકા સૂધી બાંધવામાં આવ્યો હતો. જેથી અર્ધામાં પુરૂષો અને અર્ધામાં સ્ત્રિઓ આઝાદીથી બેસી શકે અને ભાષણ કરનારને જોઈ શકે. ચારે તરફ રેશમી ઝાલરો, વાવટાઓ, તોરણો વગેરે લટકાવવામાં આવ્યા હતા. મોટા મોટા ઝુમ્મરો હાંડીઓ ઈલેક્ટ્રીકના પૂર પ્રકાશથી ચમકી રહ્યાં હતાં આખી અચ્યાશ મેન્શન ચંદ્ર માફક ચમકી રહી હતી.

પ્રેક્ષકોની હાજરી એટલા પ્રમાણમાં હતી કે પગ મૂકવાની જગા ન હતી. કોચો બાસ્ટીઓ ખુરસીઓનો

અસંખ્ય બંદોબસ્ત હોવા છતાં કેટલાકોને તો ઉભા રહેવું પડ્યું. લોકો અધીરાઇથી ભાષણની વાર જોઇ રહ્યા હતા.

આજે અહીં થનારા ભાષણમાં ફક્ત ધર્મ અને નેકીનાજ બોધ થનારા હતા. તથા અય્યાશે ઉઠાવેલા દુઃખ અને મુસીબતોનો બોધદાયક ચિતાર રજુ કરવાનો હતો. અહીં થનારા આજના ભાષણમાં તે દીવસની ચીજોનું નામ પણ ન હતું કે જે દીવસે દોઢ વર્ષ પૂર્વે અય્યાશની વર્ષગાંઠમાં બંદોબસ્ત કરવામાં આવ્યો હતો. તે દીવસમાં અને આ દીવસમાં જમીન આકાશનો તફાવત હતો. આ તેજ જગ્યા હતી, જ્યાં દોઢ વર્ષ પૂર્વે મોલ્વીઓની મજાક ધર્મની નીંદા કથાકારોની નકલ અને ઈસ્લામની વખોડણી કરવામાં આવતી હતી. આ તેજ જગ્યા હતી જ્યાં સ્ત્રિઓના પડદા તરફ તિરસ્કાર દર્શાવવામાં આવતો, જ્યાં સ્ત્રિઓ ને પુરૂષો વચ્ચે કોઇ જાતનો ભેદ ન હતો. જ્યાં પડદાવાળી સ્ત્રિઓ માટે કોઇ જાતનો બંદોબસ્ત ન હતો. શરાબ અને હરામ ચીજોનો છુટપણે ઉપયોગ થતો. આ તેજ જગ્યા હતી કે જ્યાં અય્યાશની વરસગાંઠ ઉજવવામાં આવી હતી. જ્યાં 'ગરીબ હલીમાને' નોતરવામાં આવી હતી જ્યાં તે બિચારીના ખાનદાનને લાંછન લગાડવાની કોશેશ કરવામાં આવી હતી. અને સર્વથી વધારે એકે જ્યાંથી તેને પોતાનો જીવ જંગલી જનાવરોને અર્પણ કરવામાં આવ્યો હતો.

આજે અહીં તે વાતોમાંનું એક પણ ન હતું આજે અહીં સ્ત્રિઓના પડદાનો નાશ કરવાનો ન હતો. આજે અહીં શરાબ પીવડાવવાની ન હતી. આજે અહીં હરામ કાર્યોના વખાણ થનારા ન હતા. બલ્કે તે સર્વેને સખત રીતે વખોડી કાઢવાના હતા. ખુશામદીયાઓને લાત મારવાની હતી, ધર્મ, મૌલ્વી, કથાકારો તથા નમાઝ, રોઝા, (નીમાજ, અપવાસ) તરફ ગરદન નમાવવાની હતી. બલ્કે તેઓ પરથી કુરબાન થઇ જવાનું હતું.

ટુંકમાં આજે અહીં જે થવાનું હતું તે એ હતું કે જે પરથી દુનીયા બોધ લઇ શકે. દુરાચારો દાખલો લઇ શકે અને પાપીઓ સુધરી શકે. થોડીજવારમાં આખો હૉલ ખીચોખીચ ભરાઇ ગયો. ઇલેકટ્રીકના પંખાઓ ચાલુ થઇ ગયા, અને અય્યાશ સ્ટેજ પર આવી ઉભો. સઘળે તાળીઓ વાગવા લાગી અય્યાશે પ્રણામ કરી, અઝીઝને હાથ પકડી સ્ટેજ પર ચઢાવ્યો. અને તેને એટલું કહી પાછળના રૂમમાં મોકલ્યો કે "વહાલા તમે કપડા બદલી અંદર બેસો હું બોલાવું ત્યારે બહાર આવજો."

પ્રેક્ષકો અચંબામાં હતા કે 'આ પાઘડીવાળો કોણ હશે જેને અય્યાશ પોતાની સાથે ને સાથે રાખે છે!"

અઝીઝ કપડા બદલી પડદા પાછળ આવી ઉભો ને અય્યાશે ફરી એક ઘણુંજ વિવેકપૂર્ણ પ્રણામ કર્યું થોડીવાર તાળીઓની ધમાલ રહ્યા પછી અય્યાશે ભાષણ શરૂં કર્યું.

“મહેરબાન બાનુઓ અને ગૃહસ્થો આજે મારી ખુશાલીનો આ જોઇને પાર નથી. કે મારા તમામ વડાઓ, મિત્રો તથા ભાઇ બહેનો મુજ નાચિજ પામરની મુબારકબાદી માટે પધાર્યા છે. હું તે સર્વેઓનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું. અને મારા ભાષણની શરુઆતની રજા ચાહું છું.

બાનુઓ અને ગૃહસ્થો આપ સારી રીતે જાણો છો કે હું એક એવી ભયંકર બિમારીના મુખમાંથી બચીને આપ લોકો સમક્ષ હાજર થયો છું. કે જેના ઉદાહરણમાં મારા ધારવા મુજબ એક પણ એવી બીમારી આ દુન્યામાં ન હશે! કદાચ તમને આ સાંભળી આશ્ચર્ય થશે કે મારા જેવા એક અસાધારણ માણસે આ રોગ સિવાય એવી એવી તો તકલીફો ઉઠાવી કે પ્રભુ દુશ્મનને પણ ન આપો. અને એમ કહેતા જરાપણ અચકાવું ન જોઇએ કે મને ન તો ડૉકટરોની દવાથી આરામ થયો કે ના તે ઇસ્પીતા-લની આબોહવાથી. લગભગ એક વર્ષ સુધી તો દવા વિગેરે પીતા કરતા પણ બીમારી વધતીજ ગઇ અને મારી જીંદગીનો આ ટુકડો એવી તો ખરાબ રીતે ગુજર્યો કે જેને આખી ઉમ્મર હું ભૂલવાની કોશેશ કરૂં તો પણ ન ભૂલી શકાય. આજે તે દીવસો યાદ કરતાં મારા શરીરના રૂવેંરૂવાં ઉભાં થઇ જાય

છે. જે મિત્રો મારા એક ઇશારા પર પોતાનું માથું સુદ્ધાં કપાવવાને તૈયાર દેખાતા. જે મિત્રો મારા એકએક શબ્દને હોંસ હોંસથી ઝીલી લેતા. તે મિત્રો જ્યારે તેઓને મારા રોગની ભયંકરતા માલમ પડી ત્યારે સર્પ સમજી નાસવા લાગ્યા. જોકે મારો રોગ નાસવા જેવોજ હતો. મારી બિમારી ભયંકરમાં ભયંકર હતી. છતાં મને એ આશા તો નજ હતી કે કોઇ દૂરથી પણ મારૂં મોં ન જોશે. અને પત્ર શુદ્ધાંથી મારી ખબર ન પૂછશે. હું તે દીવસો કદી નથી ભૂલવાનો કે જ્યારે હું ઇસ્પીતાલના એક તુટેલા પલંગ પર પડયો પડયો આખી આખી રાતો બુમો પાડતો પણ કોઇ 'હાં' શુદ્ધાં કહેવાની તકલીફ ન લેતો. ઈસ્પીતાલના નોકર પાસે હાથો જોડતો, બુમો પાડતો, ખુશામદો કરતો તો તે નિર્દય પણ મારી એક ન સાંભળતા ઉલ્ટી ગાળો દેતો.

મને દુનીયાને એ પણ જાહેર કરતા ન શરમાવું જોઈએ કે જે આરઝા આજે મને તંદુરસ્ત જોઇ આનંદમાં ખુશખુશ થઇ રહી છે, જે આરઝા સવારે મને ઇસ્પીતાલમાં તંદરૂસ્ત જોઇ અર્ધા કલાક સુધી હર્ષાવેશમાં રડતી રહી, તે આરઝાએ પણ જ્યારે તેને એમ માલમ પડયું કે હું મરી જઇશ તો

પોપટ માફક આંખો ફેરવી લીધી. હાય કદાચ તેણે એટલુંજ કહીને ઈસ્પીતાલના નોકરને ચાંદીના એક કે બે સિક્કા આપ્યા હોત કે "મારા સ્વામીની આ છેલ્લા દીવસોમાં બરાબર દેખરેખ રાખજો" તો મારૂં દીલ કેટલું મોટું થાત! હાય મને હવે તેની બીલકુલ શરમ ન રાખવી જોઈએ કે, તે સ્ત્રી મને પોતાના કુતરા જેટલો પણ ન સમજી શકી. અને પોતાના ખાવામાંથી કે જે ખરી રીતે મારૂંજ હતું કુતરો સમજી પણ એક કે બે ટુકડા ન મોકલી શકી.

ગૃહસ્થો અને બાનુઓ, મારા દુઃખની કથા કહેતા મારી પોતાની પણ છાતી ફાટી જાય છે. જ્યારે મારી મુસીબત હદ ઓળંગી ગઇ અને જ્યારે મને રાતના બાળવા માટે દીવો પણ નસીબ ન થવા લાગ્યો ત્યારે મેં મારૂં ગર્વિષ્ઠ માથું તે દયાનિધીના દરબારમાં નમાવ્યું. હું તેજ અય્યાશ છું કે જેણે ઇસ્લામને વખોડવામાં જરા પણ કસર રાખી ન હતી. હું તેજ અય્યાશ છું કે જેણે મૌલવીઓ મુલ્લાઓ ધર્મગુરૂઓ વિગેરેને બનાવવામાં હદ કરી હતી. ખુદા, પેગંબર તેમના હુકમ અને ફરજોને ધિક્કારી કાઢયા હતા અને તેની જાતને નિરાકાર શું? નાસ્તિક સમજતો હતો. પણ આજે હું આ ભર જલસામાં એકરાર

કરૂં છું અને ભારપુર્વક કહું છું કે તે જરૂર કોઇ શકિત છે. તેની કુદરત અપાર છે. તેના હરેક હુકમો સત્ય છે. અને તે પોતાની કુદરત પોતાના પાપી બંદાઓને એવી તો ખરાબ રીતે બતાવે છે કે તેઓ ઢીંગ થઈ જાય છે. ત્રાહ પોકારી ઉઠે છે. પણ છેવટે તેજ મહાન કૃપાળુ તેઓની સહાય માટે ઉતરી પડે છે.

જ્યારે હું ચાર તરફથી નિરાધાર થઇ ગયો. અને મને જ્યારે દરેક ભાઇબંધુ, સગાં, સ્નેહી, મિત્ર મંડળો એકલો છોડી નાસી ગયા. ત્યારે તે કૃપાળુ પ્રભુ મારી મદદે આવ્યો. મારી પાસે તેણે એક એવા મહાપુરૂષને મોકલી આપ્યો કે જેની જોડ આ દુનીયામાં નીકળવી મુશ્કેલ છે. લગભગ દરેક પ્રેક્ષકે તેને મોટરમાં મારી અને આરઝાની વચ્ચે બેઠેલો જોયો હશે. અથવા હમણાજ સ્ટેજ પર પણ જોયો હશે! જેના દેખાવ પરથી તે એક ગરીબમાં ગરીબ અઢાર ઓગણીસની વયનો નવજુવાન હોય એમ પ્રેક્ષકો કળી શકયા હશે છતાં હું હમણાંજ તેને થોડીવાર પછી આપ લોકો સમક્ષ રજુ કરૂં છું. તે મારી એક ધાવનો પુત્ર અઝીઝ છે જેને હું ઓળખતો પણ ન હતો. જેના હું નામથી પણ વાકેફ ન હતો. તેણે મારી એવી એવી ચાકરીઓ કરી કે જો હું મારૂં આખું ખાનદાન પણ તેના

પરથી કુરબાન કરી દઉં તો પણ થોડું છે. તેણે પોતાની રાત્રીની મીઠી ઉંઘો અને દીવસના પ્યારા સુખો મારા સુખ ખાતર ભેટ કરી દીધાં. જેને આંગળી લગાડવી મોતને છેડવા સમાન હતું તેને તે દેવપુત્ર વળગી વળગીને અને કલાકો કલાક સુધી રડતો રહ્યો. હાય જયારે મારા શરિર-માંથી વાસ ઉડી રહી હતી. મારૂં ગંદુ શરીર દુર્ગંધ મારી રહ્યું હતું ત્યારે તે મને હાથે ચોળતો નહવાડતો અને કપડાં પહેરાવતો."

અય્યાશ આટલું બોલી રડામણો થઇ ગયો. આ દર્દ ભરી કહાણી સાંભળી દરેક પ્રેક્ષક પણ રડી રહ્યા હતા દરે-કની આખમાં અશ્રુઓ માલમ પડતા હતા અને અય્યાશ પોતે પણ રડી રહ્યા હતો. જરા થાક ખાઇ અય્યાશે આગળ જણાવતા કહ્યું.

"મારા જખમોની દવા સારૂ જડી, અને પીવા સારૂ પાણી માટે તે એવા એવા જંગલોમાં અને બબ્બે દીવસો સુધી રખડયો કે જયાં ધોળે દીવસે પણ મનુષ્ય જતાં બીએ. તેણે એવી એવી મુસીબતો મારા માટે ઉઠાવી કે જેનું સવિસ્તર બયાન કરતાં મારી છાતી ફાટી જાય છે. ધોધમાર વરસાદના ઝાપટા અને માથાતોડ હીમના સપાટા તેણે પોતાના માથા પર ઝીલ્યાં. મારી તંદુરસ્તી ખાતર તેણે પોતાનું આખું શરીર અતંદરૂસ્ત કર્યું. તેનું આખું

શરીર લોહીલોહાણુ છે. તેની કોણીઓ ઘુંટણો તથા ઘુંટીઓ ફુટીને ચૂર થઇ ગએલી છે. હજુ તેના શરીર પર એવા એવા જખમો છે કે જે જોઇ માણુસ શું પત્થરનું પણ દીલ પીગળી જાય. હજુ તેના શરીરનો એક પણ ભાગ એવો નથી કે જ્યાં ઉંડા ઉંડા જખમો ન લાગેલા હોય. હું હમણાજ જો કે આ ભર જલસા સમક્ષ મારૂ માથું તે મારા તારણહાર પરગજુ મિત્રના ચરણોમાં મુકું છું. તો પણ તેના ઉપકારના પ્રમાણમાં તે તુચ્છથી વધારે ગણા નથી રાખતું.

તમેજ વિચારો કે તે કેવો કમકમાટ ઉપજાવનારો વખત હશે! કે જ્યારે મારા જખમો કીડાઓથી ખદખદી રહ્યાં હતાં. મારી આંખો ભયભિત થઇ તેઓને હરતા ફરતા જોઇ રહી હતી. પણ જીગર ચાલતું ન હતું કે તેઓને ઉંચકી બાજુએ મૂકુ. દરેક હીંસક પ્રાણીઓ મારી મોતની વાર જોઇ રહ્યાં હતાં. દરેક નાના મોટા મારાથી દુર નાસી રહ્યાં હતાં. ત્યારે તે મારો નિમકહલાલ ધાવ પુત્ર પોતાના સ્વહાથે કીડાઓ વણતો અને પોતાનું પવિત્ર શરીર મારા ગંધા શરિર સાથે અડકાવી નાપાક કરતો.

હવે અય્યાશથી આગળ ન બોલાયું. છાતીફાટ રડવા લાગ્યો ઓઠીયંસની પણ એજ હાલત હતી. છતાં એટલું કહી ભાષણ પૂર્ણ કરવાની રજા માંગી.

"હવે તેના સાહસ કર્મોના વધારે વખાણ કરવાની મારામાં શકિત નથી. આશા છે કે મહેરબાન પ્રેક્ષકો મને આટલેથીજ મારૂં ભાષણ પૂર્ણ કરવાની અને મારા તે દયાળુ મિત્ર...નહી બલ્કે તે મારા દયાળુ માલિકનું મોં બતાવવાની રજા આપશે !"

એટલું બોલી અય્યાશે એમ કહેતાં પડદો ઉંચકયો કે "આવ મારા તારણહાર વફાદાર મિત્ર બહાર આવ અને તારૂં નિસ્વાર્થ મુખ આ દુનીયાને બતાવ અ.........."

પડદો ઉંચકતાજ અય્યાશની જીભ ખેંચાઈ ગઈ અને તે એકદમ બૂમ પાડી ઉઠયો.

"ઓહ કોણ મારી વહાલી બેગમ હલીમા ! ! !"

એક ભયંકર કમાકમાટ સાથે આખા ઓડીયંસના રોમાંચ ખડા થઇ ગયા અને ભારે ખળભળાટ મચી ગયો સ્ત્રિઓ સ્ટેજ તરફ ધસી આવી માણસો ઉભા થઇ ગયાં અને અય્યાશ એકદમ હલીમાના પગો પર પડવા જતો હતો. પણ હલીમાએ પકડી લીધો. અને પોતે ગુઠણીએ પડી કહેવા લાગી.

"નાથ ! નાથ ! આ શું કરો છો ! ! હું તો એક તુચ્છ દાસી છું. મને પાપમાં ન નાખો. આતો મારી નસોમાં દોડી રહેલા મારા માબાપના ખુનનો પ્રતાપ છે. અને તેમના આશિર્વાદનું અસર છે, કે આજે મને મારા કાર્યમાં ફતેહ મળી અને તમે મારી સેવા કબુલ કરી."

અય્યાશ કંઇ કહેવા જતો હતો. પણ વાંચક સ્હેજે કલ્પી શકશે કે આ વખતે તેની શું હાલત હોવી જોઇએ. જે ઉપકાર બદલ તે પોતાના એક ધાવપૂત્ર પર કુરબાન થવા તૈયાર હતો તે ઉપકારો તેની પતિવ્રતા બેગમેજ કર્યા તો તેની શી હાલત થઇ હશે ?

"જીભ ખેંચાઇ ગઇ પ્રેમાવેશમાં હલીમાને ભેટી પડયો. અને બેભાન થઇ ગયો. હલીમાએ પ્રેક્ષકોને આજે મામલો વિખરાઇ જવાના કારણે કાલે આજ ટાઇમ પર પોતાની કહાણી ભાષણદ્વારા કહેવાનું કહી જલસો બરખાસ્ત કરી દીધો. અને પોતે અય્યાશને હોંશમાં આણ-વાની કોશેશમાં પડી ગઇ.

પ્રકરણ ૨૨ મું.

"પોતાની કહાણી"



આખા શહેરમાં હોહા મચી રહી. નાના મોટા વૃદ્ધ બાળક સર્વે મરી ગએલી હલીમા વિષે ગુચવણમાં પડી ગયા હતા. આખી રાત અને આખો દીવસ ગલીઓ મહોલ્લાઓ ફળીઆઓ અને શેરીઓ જયાં જુઓ ત્યાં એજ ચર્ચા ચાલી રહી હતી કે "હલીમા કેવી રીતે જીવતી થઇ!" કોઈ કંઇ કલ્પતું અને કોઇ કંઇ ધારતું. બલ્કે કેટલાકોએ તો શરતો પણ લગાવી દીધી કે "જોજો હલીમા અમારા કહેવા પ્રમાણેજ નીકળશે! અને પેલી નીકળેલી લાશ કોઈ બીજીજ સ્ત્રીની હતી." વિગેરે.

જો કે જલસો કાલના ટાઇમ પરજ થવાનો હતો છતાં લોકોની ધીરજ એટલે સુધી નાશ પામી ગઈ હતી. કે છ વાગ્યામાંજ અય્યાશ મેન્શનની એ હાલત થઇ ગઈ કે, પેલા ચારે રૂમો, માળ પરની ગેલેરીઓ ભાષણનો સ્ટેજ વીગેરે ભરાઇને પણ લોકો કોઇ પડદાની દોરી પકડી તો કોઈ તેના સળીઆ પકડી આમતેમ ઉંચે ઉંચે ચઢી ઉભા હતા.

મગરેબની (સૂર્યાસ્તની) નમાજ પઢી હલીમા આંખ

નીચેથી એક બુકાની બાંધી સ્ટેજ પર આવી ઉભી તાળીઓ પડવા લાગી. પણ એકાએક મોટા બારણા તરફ કંઇ ગડબડ મચી, અય્યાશ એકદમ સ્ટેજ પર આવી જુએ છે તો બેંકનો મેનેજર એક સિપાઇ સાથે આરઝાના કોઇક નોકરને પકડી પોતાની તરફ લાવી રહ્યો છે.

પાસે આવ્યા બાદ મેનેજરે નમીને સલામ કર્યા બાદ કહ્યું "સાહેબ" આ બદમાશ એક દીવસ આપના નામનો વીસ હજાર રૂપીઆનો ચેક લઇને આવ્યો હતો. આપ સિક હતા તથા સહીના અક્ષરો વાંકાચુકા હવા જેથી મેં વહેમાઇને એને પકડી રાખ્યો હતો."

અય્યાશે તેની તરફ દૃષ્ટી કરી, તેણે હાથ જોડીને કહ્યું "સાહેબ હું આપનો તે નિમકહરામ નોકર છું. કે જે એક દીવસે ખરાબ બુદ્ધી સુજવાથી આરઝા બેગમના ચેક બુકમાંથી એક ચેકની ચોરી કરી ઇસ્પીતાલના નોકર સાથે મળી અર્ધો ભાગની શર્તે આપ પાસે ભુત બનીને આવ્યો હતો અને સહી લીધી હતી. સાહેબ અમે બંને ગુનેહગાર છીએ છતાં આજે ઈશ્વરે આપને એવો શુભ દિવસ દેખાડયો તો અમે પણ માફી માંગીએ છીએ."

અય્યાશને ઇસ્પીતાલ વાળી રાત્રીની યાદ આવી તથા ભુતનું ભેટ સ્મરાયું જેથી હસી પડયો અને તેને "હવે એમ ન કરતો" કહી છોડાવી દીધો. આખી મહેફીલમાં થોડીવાર હસાહસ થઇ રહ્યા બાદ હલીમા ઉભી થઇ અને

બોલવા લાગી.

"મારા વહાલા ભાઇઓ અને પ્રીય બહેનો, આપ લોક મને જીવતી જોઈ હેરતમાં તો પડયા હશો! પણ હવે વધારે વાર રહી નથી. પહેલાં સર્વની હાજરી માટે આભાર માની હું તેનો ખુલાસો કરવાની સર્વ ભાઇઓ તથા બહેનોની રજા ચાહું છું.

ગઇ કાલે મારા પતિ મી. સૈયદ અય્યાશે જે જે શબ્દો મૂજ પામર ગુલામડીના વખાણમાં ઉચ્ચાર્યાં તે ખરૂં જોતાં મારા ખાનદાનની આબરૂ માટે એક મગરૂરીના કારણ રૂપ હતા. અને મેં જે કંઇ કર્યું એ ફક્ત મારા માબાપોની શિખામણોનેજ આભારી છે. એ વાતને આજે સાત વર્ષ થાય છે કે જયારે હું મી. અય્યાશની બેગમ બની આ મેન્શનમાં દાખલ થઈ; અને સાથે જે કંઇ લાવી હતી તેમાં સર્વથી અમુલ્ય ચીજો જે હતી તે વિદાય કરતી વખતે મારી માતાએ શિખામણ રૂપ આપેલા બે વાકયો હતા. જેમાંનો એક એ કે "બેટા પતિસેવામાં પ્રભુની પ્રસન્નતા સમાએલી છે," અને બીજો એ કે "પતિના ચરણોમાં આત્મા છોડવું એ સ્વર્ગનો રસ્તો સાફ કરે છે." એ હતાં.

જો કે મારૂં અંગ્રેજી અભ્યાસ બહેન આરઝા કરતાં વધારે હતું છતાં મારા શિક્ષણમાં ધર્મનો તત્વ ભેળવાએલો હતો જેથી આજે હું મારા કુળને શોભાવી શકી છું.

કદાચ તમે ન માનશો કે મારા આ સાત વર્ષમાં આખા ત્રણ વર્ષ તો એવી મુસીબતમાં ગયાં કે હું ચાર ચાર મહીનાઓ સુધી ફક્ત એક પતિના દર્શન માટે માછલી પેઠે તરફડતી રહી. આખી આખી રાત પતિ વિયોગથી રડતી રહી આખા આખા દિવસો પતિના અવાજ માટે પછાડા ખાતી રહી. પણ પ્રભુના આભાર કે કોઇ દીવસ આ વાતની હવા પણ મારા પતિના કાને જવા દીધી નહી. જો કે આ સર્વ મુસીબતોનું કારણ હું પોતેજ હતી છતાં બહેનો તમે પણ પતિ વાળી છો તમે પણ પરણેલી છો. તમારા હૈયાં પર હાથ ધરો અને સાંભળો, હુંજ તે અભાગી છું કે જેણે પોતાના પતિને બીજી સ્રી સાથે લગ્ન કરવાની રાજી ખુશીથી રજા આપી. હું પોતેજ તે હતભાગીણી છું કે જેણે પોતાની શોકના કપડાં આખી આખી રાત પોતાના આંખોનું તેલ કાઢી સીવી આપ્યા. તમારા અંતઃકરણ પર હાથ રાખીને વિચારો કે તે કેવો સમય હશે? કે જ્યારે બહેન આરઝા મારા પોતાના હાથના કપડાં પહેરી ઝમ્યાશ મેન્શનમાં દાખલ થયાં અને મારા રક્ષકના આશરા નીચેથી મને હાંકી દૂર કાઢી મારી જગ્યાએ પોતે આવી બેઠાં અને મને જુદી કરાવી.

હું ઇશ્વરના સોગંદ ખાઇને કહું છું કે કેટલીક વખત તો મારે આ રાત દીવસના બળાપાથી છુટવા પાપીઓમાં

પણ નામ નોંધાવવાનું મન થયું. પણ મરણ પામેલા પાબાપોની તસ્વીર આંખ સામે આવી ઉભતા તરત પાછી વળી જતી. તમે પણ ઘણી બાળી છો, વિચાર કરો કે તે કેવો વખત હશે કે જ્યારે બહેન આરઝા મારો પ્રેમ અને મારી મહોબ્બત મારા સ્વામીના હૃદયમાંથી કાઢી નાખી તેમની માનીતી બેગમ થઈ બેઠી. પણ નહી મારી શિરાઓમાં તે ફોઇનું રક્ત દોડી રહ્યું હતું કે જે એક વખત શોકે આપેલા વિષને પણ અમૃત નિરખી વગર આનાકાનીએ પોતે પી ગઈ હતી અને પોતાનો પ્રાણ આપ્યો હતો.

સર્વથી મોટા દુઃખની વાત તે એ હતી કે મને મારા માબાપની પ્રેમાળ દૃષ્ટિથી દૂર થયા બાદ સાસુ સસરાનો હેતાળ આશરો નસીબ ન થયો. મારા સ્વામી એકલા હતા. ઈંગ્લીશનો પૂરેપૂરો અભ્યાસ હતો, વધારામા બહેન આરઝા આવ્યા. તેઓ પણ બે ત્રણ વખત ઈંગ્લંડ જઇ આવેલા હોવાથી અય્યાશ મેન્શનમાંથી દીનપ્રતિદીન ધર્મ નાશ પામવા લાગ્યો અને પશ્ચિમી એટલે વિલાયતી રીતરીવાજો દાખલ થવા લાગ્યાં. છેવટે મને રોજ રાત્રે અય્યાશ મેન્શનને ઇશ્વરી કોપથી બચાવવાની અનેક યાચનાઓ કરવી પડી.

પણ દુર્ભાગ્યે જ્યારે મારા સ્વામિએ મને પોતાનાથી દૂર કરી દીધી અને અય્યાશ મેન્શનમાં જ્યારે પાપાકર્મો પૂરેપૂરી રીતે વધી ગયા ત્યારે એક દીવસ મીસ આરઝાના

કહેવાથી મારા સ્વામિએ પોતાની વરષગાંઠમાં મને શરાબ પીવડાવવાની કોશેશ કરી. જેમાંથી સદ્ભાગ્યે હું કેવી રીતે બચી જવા પામી જે આપ સર્વ સારી રીતે જાણો છો.

હવે જ્યારે હુ અય્યાશ મેન્શનમાંથી નીકળી પડી તો ભય સખત હોવાને લીધે સીધી મારી કાકીને ત્યાં નીકળી ગઇ. કાકી નેક હતી જેથી શરાબની વાત સાંભળી તે કંપી ઉઠી અને તેજ રાત્રે મને આ ત્રાસમાંથી છોડાવવાને ઈરાદે રાતની બારની ગાડીમાં બીજે ગામ મોકલી આપી. જ્યાં હું મારા કૃપાળુ માબાપે આપેલા અમુલ્ય દોલતદ્વારા એટલે સીવણુ ગુંથણુ કરી ભેટ ભરવા લાગી. એક વરસ બાદ એક દીવસે કાકીએ આવી જણાવ્યું કે "તારા પતિ, તારા અહીં આવ્યાના એક મહીના બાદથી ઇશ્વરી કોપમાં એવા તો સપડયા છે. કે, તેઓને શહેરથી બાર માઇલ દૂર એક કોઢી ઈસ્પીતાલમાં એકલા નાખી દેવામાં આવ્યા છે. જ્યાં તેઓની સારવાર માટે પણ એકકે મનુષ્ય નથી."

આ સાંભળી પતિ પ્રેમ ઉછળી પડયો. પતિના દુ:ખમાં હોવાનું સાંભળી એક પળ માટે પણ મને મારા ઘરમાં રહેવું ગમ્યું નહી જેથી ટુંકમાં હું દરેક મોટા મોટા હકીમો પાસે ગઇ. જેમાંથી એકે મને એક એવો તો રામબાણ નુસ્ખો (ઇલાજ) બતાવ્યો કે જેની હદ નહી. પણ દુર્ભાગ્યે મારામાં તે નુસ્ખો ખરીદવા જેટલી શકિત ન હોવાથી મને

મારા પિતાની નીશાની દાખલ આપેલી એક અમુલ્ય વીંટી ખોવી પડી.

ત્યારબાદ હું પુરૂષનો વેષ ધારણ કરી પોતાના સ્વમિના ચરણોમાં જીવ અર્પણ કરવા નીકળી પડી તે બાદ શું થયું તે આપ લોકોએ કાલના ભાષણમાં સાંભળ્યું જેથી હવે વધારે આપ લોકોનો કીમતી ટાઇમ ખરાબ ન કરતાં મારા સ્વામિના ઉપકાર માન્યા પછી હું મારૂં ભાષણ પુર્ણ કરવાની રજા લઉ છું." એટલું કહી હવીમાં અય્યાશ પ્રત્યે બોલવા લાગી. "નાથ આને મારો ઉપકાર ન કહો આ મારા શિક્ષણ-માં ભેળવાએલા ધર્મનો ઉપકાર છે, જેણે મને મારા ખાનદાનની આબરૂ પ્રકાશમાં લાવવાનો સમય આપ્યો." આના જવાબમાં અય્યાશે ફકત એટલુંજ જણાવ્યુ કે ધન્ય છે તારા કુળને અને તારા શિક્ષણને. પ્રભુ તારા જેવી સર્વ સ્રીઓને સમજણ આપે એવી હું અંતકરણપૂર્વક પ્રાર્થના કરૂં છું..

ચારે તરફથી ધન્ય ધન્યના પોકારો ગાજી ઉઠયા અને જલસો બરખાસ્ત થયો.

× × ×

એક વર્ષમાં અય્યાશ પોતાના બાપ જેવો થઇ ગયો અને આપણો અંતર જે અય્યાશને વંઠેલ જોઇ જે વાકય

ઉચ્ચારતો તે ખરો પડયો કે, બાપનું ખૂન અને માનું દુધ કોઇ ન કોઇ દીવસે રંગ લાવશેજ!

આરઝા પણ સુધરી ગઇ અને તે હલીમાને પોતાની વડી સમજી તેની દરેક શિખામણો પર અમલ કરવા લાગી.

થોડાજ દીવસોમાં અય્યાશ ડીસ્ટ્રીકટ કલેકટરના ઓદ્ધા પર બિરાજમાન થઇ ગયો. અને આજે તે પોતાની બંને બેગમો સાથ બે મહીનાની રજા પર હજ (યાત્રા) કરવા જઇ રહ્યો હતો.



છપેગી ચંદ મુદ્દતમે છપેગી

ઉર્દુ ઝબાન ઔર ગુજરાતી હર્ફ

જીસ્કો આજતક કીસી ઉર્દુ મુસન્નીફને ન લીખી હો ઐસી સલીસ (હલકી) ઉર્દુ ઝબાનમેં લીખનેકી કોશિશ કી ગઇ હય.

મામુલીસે મામુલી ઔર કમતીસે કમતી ઉર્દુ જાનને વાલાભી ઇસ કહાનીકો આસાનીસે પળ સકેગા. બલ્કે એક બચ્ચાભી ઉસ્કો પળકર કીત્ને દરજ્જે તક સમજ સકેગા. કહાની કયા હય? એક નસિહતોંકા ખઝાના હય. કહાની કૈસી હય? સખ્તસે સખ્ત દીલવાલાભી મોમ બન જાએ, તળપ જાએ બલ્કે કીત્ની ઘળીયોં કે લીએ સુન્ન પળ જાએ. મકસદ કયા હય? ફકત એક વકત છપને કે બાદ મંગવાઓ ઔર દેખો કે ઉસ્મે કયા ખઝાના ભરા હય.

નામ કયા હય?

અબ્દુલ રશીદ.